CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૬૬
તા.૦૩-૧૧-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૪ કારતક સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૩ સૂર્યાસ્ત : ૦૬:૦૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૦ | વડોદરા | ૩૪.૬ |
| અમદાવાદ | ૩૭.૪ | સુરત | ૩૫.૦ |
| ગાંધીનગર | ૩૭.૦ | નલિયા | ૩૬.૬ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# પ્રમુખ સ્વામીએ સમાજિક ચેતના જગાવી હતી : મોદી

### અક્ષરધામ મંદિરની રજત જ્યંતિ કાર્યક્રમમાં મોદીની હાજરી : અક્ષરધામ સંકુલમાં મહંત સ્વામીની ઉપસ્થિતિમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યા : મયુરદ્વારનું ઉદ્‌ઘાટન : મહંત સ્વામી સાથે નીલકંઠવર્ણીનો અભિષેક

અમદાવાદ

ગાંધીનગરના અક્ષરધામ મંદિરની રજત જ્યંતિ ઉજવણીમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નેરન્દ્ર મોદી આજે પહોંચ્યા હતા. રજત જ્યંતિને લઈને અક્ષરધામ મંદિરને ભવ્યરીતે શણગારવામાં આવ્યું હતું. મોદી અને મહંત સ્વામીની ઉપસ્થિતિમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોદીએ આ કાર્યક્રમમાં ભાગ લીધા બાદ ઉપસ્થિત સંતો અને લોકોને સંબોધન પણ કર્યુ હતું. મોદીએ પોતાના સંબોધનમાં પ્રમુખ સ્વામી મહારાજની સેવા ભાવનાને યાદ કરી હતી અને



કહ્યું હતું કે, પ્રમુખ સ્વામી મહારાજને હંમેશા તેમની ચિંતા રહેતી હતી. પ્રમુખ સ્વામી મહારાજ સાથે તેઓ હંમેશા સંપર્કમાં રહેતા હતા. અક્ષરધામ મંદિર સાથે જોડાયેલા સમુદાયની મોદીએ ભરપુર પ્રશંસા કરતા કહ્યું હતું કે, શિસ્તના મામલામાં દરેકને બોધપાઠ લેવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, અક્ષરધામ મંદિર ખુબ જ સુંદર છે. ભક્ત તરીકે અક્ષરધામ મંદિરમાં પ્રવેશ ન કરનાર પણ એક ભક્ત તરીકે જ મંદિરમાંથી બહાર નિકળે છે.

## હોમ અને ઓટો લોન સસ્તી : વ્યાજદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો

### એસબીઆઈના ઓટો લોન ઉપર હવે વ્યાજદર ઘટીને ૮.૭૦ ટકા અને હોમ લોન પર વ્યાજદર ૮.૩૦ ટકા : એસબીઆઈના ગ્રાહકોને મોટી રાહત

નવી દિલ્હી

જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના ગ્રાહકો માટે મોટી રાહતના સમાચાર આપી દીધા છે. એસબીઆઈએ હોમલોન અને ઓટો લોન ઉપર વ્યાજદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો કરી દીધો છે. હવે હોમ લોન ઉપર વ્યાજદર ૮.૩૦ ટકા થઈ ગયો છે. જે પહેલા ૮.૩૫ ટકા હતો. આવી જ રીતે એસબીઆઈના ઓટો લોન ઉપર વ્યાજદર ૮.૭૫ ટકાથી ઘટીને ૮.૭૦ ટકા થઈ ગયો છે. વ્યાજદરમાં ૦.૦૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. લોનલેવા ઈચ્છુક લોકોને મોટી રાહત મળી ગઈ છે. સારા એવા પ્રમાણમાં લોકો રૂપિયા બચી શકશે. વ્યાજદરોમાં એસબી આઈ તરફથી કાપ મુકવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ એવી શક્યતા છે કે બીજી બેંકો પણ આ પગલા મુજબ આગળ વધશે. જો આવું થશે તો ગ્રાહકો માટે આવનાર સમયમાં વધુ રાહતોની જાહેરાત થઇ શકે છે. એસબીઆઈએ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, આ ઘટાડા બાદ એસબીઆઈના હોમ લોન બજારમાં સૌથી ઓછા વ્યાજદર પર ઉપલબ્ધ છે. એસબીઆઈએ કહ્યું છે કે, વ્યાજદરમાં કરવામાં આવેલા ફેરફાર પહેલી નવેમ્બર ૨૦૧૭થી અમલી કરવામાં આવી ચુક્યા છે. આ અગાઉ એસબીઆઈએ ફંડ આધારિત લેંડિંગ રેટ (એમસીએલ આર)માં જંગી ઘટાડો કર્યો હતો.

એસબીઆઈએ છેલ્લા ૧૦ મહિનામાં પ્રથમ વખત આ ઘટાડો કર્યો છે. એસબીઆઈ રિટેલ બેંકિંગના એમડી પીકે ગુપ્તાનું કહેવું છે કે, આ કાપ બાદ તેના બેંક રિટેલ લોનના મોટા ભાગના મામલામાં સૌથી ઓછા દરે લોન આપી રહ્યા છે.

### વિચાર વૈભવ...

#### સફળતા માટે દોડો- ઉડો

સંસ્કૃતમાં આપણે સંભાળ્યું છે કે સૂતેલા સિંહના મુખમાં તેના ખોરાકરૂપી પ્રાણીઓ સામે ચાલીને પ્રવેશ કરતા નથી. સિંહનું શરીર વજનદાર હોય છે. અને હરણ તો સાવ હળવું હોય છે, છતાં સિંહ જ્યારે ફાળ ભરવાનું શરૂ કરે છે ત્યારે હરણ જેટલી જ ઝડપ હાંસલ કરી લે છે અને જોતજોતામાં એ જાદુઈ ગતિવાળા અને છલાંગો ભરતા હરણને પોતાના પંજામાં, સકંજામાં લઈ સફળતા પ્રાપ્ત કરે છે. આવી સફળતા માટે સિંહના શરીરમાં યોગ્યતા નથી. હરણના ચરણમાં તો કુદરતે જાદુ મુક્યો છે. એની સામે સિંહના પગ દોડવા માટે બન્યા જ નથી, છતાં સિંહ જાણે કે હમણાં જ ઉડશે એવી છટાથી પોતાની સર્વશક્તિથી શિકારનો પીછો કરે છે. જિંદગીમાં સફળતા માટે આવી જ તાલાવેલી, આવી જ ધૂન, ઝનૂન અને તીવ્ર ખ્વાહિશ હોય તો લક્ષ્ય ભલે ને સતત આગળ સરકતું હોય, સફળતા તમારા પંજામાં આવ્યે જ છૂટકો. સિંહ જેવી દોટ અને લગન અશક્ય લાગતી સફળતા પણ ઝડપથી લાવી આપે છે.

- ગિજુભાઈ ભરાડ

## અમિત શાહ વિધાનસભા ચૂંટણીમાં કાર્યકરો સાથે સીધો સંવાદ કરશે

### જનતા જનાર્દનનો પ્રેમ વિશ્વાસ અને આશીર્વાદ ભાજપ સાથે છે : ભરત પંડ્યા

અમદાવાદ

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ ભારતીય જનતા પાર્ટી મીડિયા સેન્ટર ખાતે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તારીખ ૪ અને ૫ તેમજ ૭, ૮ અને ૯ નવેમ્બરના રોજ એમ, કુલ મળીને પાંચ દિવસ સમગ્ર ગુજરાત રાજ્યમાં કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, ભાજપ સર્વવ્યાપી અને સર્વસ્પર્શી સંગઠન છે. અમારી ઉપર જનતા જનાર્દનનો પ્રેમ, વિશ્વાસ અને આશીર્વાદ બળ છે. વિચારચારા એ ભાજપનું આત્મબળ છે, કાર્યકર્તાએ પાર્ટીનો પ્રાણબળ છે. છે, સેવા અને સંગઠનના કાર્યક્રમોએ પાર્ટીનું ચાલકબળ અને વિજયબળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની આગેવાનીમાં ભાજપ આજે ૧૧ સકરોડ સદસ્યો સાથે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે.

ગુજરાતમાં ભાજપના એક કરોડથી વધુ સભ્યો છે. કાર્યકર્તાઓ અમારી સંગઠનશક્તિ છે. ભાજપ સંગઠન હંમેશા લોકોની વચ્ચે લોકસેવાના કાર્યક્રમો સતત કરતું હોય છે તેવી જ રીતે ભાજપના નેતાઓ કાર્યકર્તાઓ સાથે સીધો સંપર્ક, સંવાદ, બેઠકો, કાર્યક્રમો યોજીને સંગઠનશક્તિ વધુ મજબૂત બને તે માટે સતત કાર્યરત હોય છે, એ ભાજપની સંગઠન પદ્ધતિ કાર્યશૈલી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સમગ્ર ગુજરાતમાં તારીખ ૪, ૫ અને ૭, ૮ અને ૯ નવેમ્બરના રોજ એમ કુલ મળીને પાંચ દિવસ સમગ્ર રાજ્યમાં કાર્યકર્તાઓ સાથે બેઠકો યોજશે. એ બેઠકમાં જિલ્લાના પ્રમુખો, મહા મંત્રીઓ જિલ્લા ના હોદ્દેદારો, મંડળના પ્રમુખ મહામંત્રીઓ, બોર્ડ નિગમના ચેરમેન-ડિરેક્ટરો, નગર પાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટાયેલ પાંચ તેમજ શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ ઉપસ્થિત રહી રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સાથે સંવાદ યોજશે.

## ગેસના બાટલા પરનો જીએસટી નાબૂદ કરવા માંગ

અમદાવાદ

એલપીજીના સબસીડીવાળા સિલિન્ડરના ભાવમાં રૂ.૪.૫૦ ના ભાવવધારાને લઈ અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ખાસ કરીને રસોઈ કરતી ગૃહિણીઓ અને મહિલાઓમાં એલપીજીના ભાવવધારાને લઇ ઉગ્ર રોષની લાગણી ફેલાઈ ગઇ છે. બીજીબાજુ, ગ્રાહક સુરક્ષા અને પગલા સમિતિ(અખિલ ભારતીય)ના પ્રમુખ મુકેશ પરીખે એલપીજીના સબસીડી વાળા સિલિન્ડરમાં રૂ.૪.૫૦ના ભાવવધારાને ઉગ્ર શબ્દોમાં વખોડી કાઢયો છે અને ગેસના બાટલા પર કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા વસૂલવામાં આવતાં રૂ.૩૫ના જીએસટીને તાત્કાલિક નાબૂદ કરવા માંગણી કરી હતી.

### કોંગ્રેસની વિચારધારાને મુક્ત કરવાની જરૂર

## હિમાચલમાંથી કોંગ્રેસને ઉખાડી ફેંકવા મોદીનો અનુરોધ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હિમાચલ પ્રદેશના કાંગરામાં આક્રમક ચૂંટણી પ્રચાર કરીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે, ૯મી તારીખના દિવસે બટન દાવીને કોંગ્રેસ પાર્ટીને ઉખાડી ફેંકવા માટેનો સમય આવી ગયો છે. હિમાચલ પ્રદેશને લૂંટનાર લોકો સત્તામાં રહેવા જોઈએ નહીં. મોદીએ કોંગ્રેસ મુક્ત ભારતના પોતાના નારા પર કોંગ્રેસની ટિકાટિપ્પણીનો જવાબ આપતા કહ્યું હતું કે, પંડિત નહેરુ જનસંઘને ખતમ કરી દેવા માટેની વાતો કરતા હતા અને કહ્યું હતું કે, જ્યારે પંડિત નહેરુની સરકાર હતી ત્યારે જનસંઘનો જન્મ થયો હતો. પંડિત નહેરુ કહેતા હતા કે, અમે જનસંઘને જડમૂળથી ખતમ કરી દઈશું.

આજે અમે કોંગ્રેસ મુક્ત ભારત બનાવવાની વાત કરી રહ્યા છે અને સડી ગયેલી વિચારધારાથી દેશ મુક્ત કરવા આગળ વધી રહ્યા છે. મોદીએ કોંગ્રેસના ઘોષણાપત્રમાં ભ્રષ્ટાચાર ચલાવી લેવાશે નહીં તેવા દાવા પર ટકોર કરતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી પોતે ભ્રષ્ટાચારના મામલામાં જામીન ઉપર છે. કોંગ્રેસને લાફિંગ ક્લબ ગણાવીને મોદીએ કહ્યું હતું કે, હિમાચલ પ્રદેશનું શોષણ પાંચ રાક્ષકો કરી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, પ્રજાને જે રીતે તક મળી રહી છે. સાફ સફાઈની ઝુંબેશ કરી રહી છે. કોંગ્રેસ પોતાના ઘોષણાપત્રમાં કહે છે કે, કોંગ્રેસની સરકાર બનશે તો ભ્રષ્ટાચાર પર ઝીરો ટોલરન્સ રહેશે જ્યારે વર્તમાન મુખ્યમંત્રી પોતે ભ્રષ્ટાચારના આરોપોને લઈને જામીન ઉપર છે.

### સાર સમાચાર...

#### રાયબરેલીમાં બોઇલર બ્લાસ્ટમાં મૃતાંક વધીને ૩૧ થયો

રાયબરેલી, તા. ૨

ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં એનટીપીસીના પાવર પ્લાન્ટમાં ગઈકાલે બોઈલર ફાટવાની ઘટનામાં મોતનો આંકડો હજુ વધી રહ્યો છે. આ બનાવમાં મોતનો આંકડો આજે વધીને ૩૧ ઉપર પહોંચી ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને હજુ પણ લખનૌ મોકલવામાં આવી રહ્યા છે. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે કેટલાક કર્મચારીઓના તો ફુરચેફુરચા ઉડી ગયા હતા. એમ માનવામાં આવે છે કે બોઈલરમાં જોરદાર અવાજ સાથે ધડાકો થયો હતો. બીજી બાજુ મૃતકોના પોસ્ટમોર્ટમ માટે ત્રણ સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. રાયબરેલી ઉંચાહાર એનટ ીપીસીમાં ૫૦૦ મેગાવોટના યુનિટ નંબર છના બોઈલરમાં સ્ટીમ પાઈપ ફાટી જતા બુધવારના દિવસે આ બનાવ બન્યો હતો. તમામ ઘાયલ થયેલા લોકોને રાયબરેલી, અલ્હાબાદ અને લખનૌમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોયલરમાં બની રહેલા સ્ટીમનુ તાપમાન ૫૦૦ ડિગ્રીની આસપાસ પહોંચી જાય છે. તેનુ હવાનુ દબાણ એટલુ હોય છે કે તેના સંપર્કમાં આવતાની સાથે જ માનવીના ફુરચેફુરચા ઉડી જાય છે.

## અમીરગઢ બોર્ડર પર ચેકિંગ દરમિયાન ૫૦ કિલો ચાંદી ઝડપાઈ

### આયકર વિભાગે તપાસ હાથ ધરી

પાલનપુર

અમીરગઢ પોલીસે બોર્ડર ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગ દરમ્યાન એક લકઝરી બસમાંથી ૫૦ કિલો ઉપરાંતની ચાંદી ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી હતી.

બનાસકાંઠાની અમીરગઢ બોર્ડર પર પોલીસે ચેકીંગ દરમ્યાન પચાસ કિલો ઉપરાંત ચાંદી ઝડપી હતી.આગામી વિધાનસભાની ચૂંટણીઓ ને લઈ પોલીસ દ્વારા બોર્ડરો પર વાહન ચેકીગ ચાલી રહ્યું છે ત્યારે આજે વહેલી સવારે પોલીસે રાજસ્થાનથી ગુજરાત જઈ રહેલી લકઝરીનું ચેકીગ હાથ ધરતા લકઝરીમાથી પચાસ કિલો ઉપરાંત ચાંદી સાથે પોલીસ એક ઈસમને અમીરગઢ પોલીસ લઈ ગઈ હતી.

જોકે પોલીસને આ મામલો સંવેદન શીલ લાગતા ઈન્કમટેક્ષ વિભાગને જાણ કરાઈ હતી જે મામલે ઈન્કમટેક્સ વિભાગ ચાંદીનો કબ્જો લઈ વધુ તપાસ હાથ ધરી હતી. જો કે આ લકઝરીમાથી બાર જેટલા



સંજય જોષી

શ્વાનના ગ્લૂડિયા મળી આવતા પોલીસે બાર ગલુડિયા સાથે એક ઈસમ ની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.


### તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.રબારી હાથીભાઈ વાલાભાઈ (જોટાણા)
સ્વ.તા.૦૩-૧૧-૨૦૧૪

સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, સમય તો વિતતો જશે પણ યાદ તમારી હૈયે સદેવ રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
કરશનભાઈ હાથીભાઈ દેસાઈ (સરપંચ, બાઈવાડા ગ્રામ પંચાયત)
બાબુભાઈ હાથીભાઈ દેસાઈ (ચેરમેન ગણેશપુરા સેવા મંડળી)
નરસિંહભાઈ હાથીભાઈ દેસાઈ (રેલ્વે પોલીસ)
અમૃતભાઈ હાથીભાઈ દેસાઈ (કચ્છ પોલીસ)
સાગરભાઈ લીલાભાઈ દેસાઈ
(પ્રમુખ યુથ કોંગ્રેસ, પ્રમુખ ગોપાલ સેના, બનાસકાંઠા)
રાહુલ, કમલેશ, કેસર, મિતેષ, કિષ્ના, કોમલ, આરતી (પૌત્ર-પૌત્રી)
સમસ્ત જોટાણા પરિવાર બાઈવાડા (તા.ડીસા)
કિષ્ના કાઠીયાવાડી રેસ્ટોરન્ટ પરિવાર (ડીસા)


## પાલનપુરમાંથી સૌપ્રથમવાર આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટર ઝડપાયું

### રૂ.૩,૮૯,૮૦૦ના મુદ્દામાલ સાથે ૧૧ આરોપીઓની કરાઈ ધરપકડ : અમેરિકન નાગરિકોને લોનના બહાને છેતરપિંડી આચરાતી હતી

પાલનપુર

ઉત્તર ગુજરાતમાં સૌપ્રથમવાર સરહદી બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુર ખાતેથી આંતર રાષ્ટ્રીય કોલ સેન્ટર ઝડપાતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે બાતમીના આધારે પાલનપુરના ગુરૂનાનક ચોક પાસે આવેલા એક રહેણાંક ના મકાનમાં રેડ કરવામાં આવી હતી. જેમાં બોગસ કોલ સેન્ટર ચલાવતા ૧૧ જેટલા આરોપીઓ ની રૂ.૩.૮૯ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ કોલ સેન્ટર દ્વારા આરોપીઓ ેજીછ માં જે લોકોએ બેંકમાં લોન માટે અરજી કરી હોય તેવા લોકોને લોન આપવાના બહાને છેતરપીડી કરતા હતા.

કોલ સેન્ટર મોટાભાગે મેટ્રો સીટીમાં ધમધમતા હોય છે. પરંતુ પોલીસ દ્વારા વાંરવાર રેડ કરતા હવે આ લોકો અંતરિયાળ અને નાના


સંજય જોષી

વિસ્તારોમાં બેસી ગુનાહિત પ્રવુતિઓને અંજામ આપે છે. બનાસકાંઠા જીલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે થી આજે કોલ સેન્ટર ઝડપાયું હતું. જેમાં ૧૧ જેટલા આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. ગુરુનાનક ચોક પાસે શિવશંકર પેટ્રોલ પમ્પ પાછળ આવેલા મકાનમાં ચાલતા આ કોલ સેન્ટરનો મુખ્ય સુત્રધાર મૂળ અમદાવાદનો વતની અસ્ફાક અહેમદ શફીઉલ્લાખાન કાઝી (હાલ રહે.ગુલમહોર બંગ્લોઝ, સુખબાગરોડ, હનુમાન ટેકરી, પાલનપુર) મુખ્ય આરોપી છે. જે આ કોલ સેન્ટર ચલાવતો હતો. પોલીસે આ કોલ સેન્ટરના કમ્પ્યુટર અને બીજો મુદ્દામાલ સહીત કુલ રૂ.૩,૮૯,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. વેરીફીકેશન અને લોન એગ્રીમેન્ટ માટે તેઓ એપલ આઈડીના આધારે લોકો પાસે થી ડોલરમાં રૂપિયા પડાવતા હતા. જે સમગ્ર બાબતે તપાસ હાથ ધરી હોવાનું એસ.પી.બડગુજરે જણાવ્યું હતું.આ સમગ્ર કૌભાંડના આરોપીઓ એપલ આઈ ટયુનના આધારે

#### ઝડપાયેલ આરોપી

આમીરખાન જાનમહંમદ મકરાણી રહે.પાલનપુર સુખબાગ રોડ પાલનપુર, મઝહરખાન બિસ્મિલ્લાખાન પઠાણ રહે.અમદાવાદ, શાહઆલમ, ૧૪ - ડી,ગુજરાત રો - હાઉસ, રસુલાબાદ, અમદાવાદ, સંદીપ સન/ઓ રાજપુતસિંહ રાજપુત રહે.અમદાવાદ, ગોમતીપુર સીલ્વર ફલેટ સી-૩૫, ઈમરાનખાન ઈસરાખાન પઠાણ રહે.જામનગર દિગ્જામ સર્કલ તિરૂપતિ - ૨, પ્લોટ નં.૧૪૩ /૨, અહેસાનઉલ્લા યુનુસખાન કાઝી રહે.અમદાવાદ મક્કાનગર વેજલપુર જુહાપુરા અમદાવાદ, દિપકભાઈ ડાનીયલ સેનાપતિ રહે.તહોસીર તા.કેસીંગ જિ.કલ્લાહંડ ઓરિસ્સા, રોહન સન/ઓ સંજુ નાયક રહે.તહોસીર તા.કેસીંગ, જિ.કલાન્ડી ઓરિસ્સા, સુપરત ઉર્ફે પંકજ મકશીરા નાયક રહે.તહોસીર તા.કેસીંગ જિ.કલાન્ડી ઓરિસ્સા, અપરીત રાજીવકુમાર ગુપ્તા રહે.અમદાવાદ ઈસનપુર વટવા, આસોપાલવ સોસાયટી મહુલી એપાર્ટમેન્ટ, જોયલ પીયુષભાઈ પરમાર રહે.અમદાવાદ ૭૧/૧ સિલ્વર ફલેટ રાજપુર, ગોમતીપુર, અસ્ફાકઅહેમદ શફીઉલ્લાખાન કાઝી મુળ રહે.અમદાવાદ ૧૪ ચિસ્તીયા કોલોની રસુલાબાદ શાહઆલમ, હાલ રહે.પાલનપુર ગુલમહોર બંગ્લોઝ સુખબાગ રોડ, હનુમાન ટેકરી

અનુસંધાન પાના નં.૬

CMYK

સૂર્યોદય - ૬.૪૩ સૂર્યાસ્ત - ૬.૦૫

## તિથિદર્શન

કારતક સુદ-૧૪ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ કારતક સુદ :ચૌદસ શુક્રવાર નક્ષત્ર:અશ્વિની રાત્રે ૨૭.૨૯ પછી ભરણી યોગ : વજ્ર કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### આયુર્વિત્તં ગૃહછિદ્રં મંત્રમૌષધમૈથુને દાનં માનાપમાનૌ ચ નવ ગોપ્યાનિ કારયેત

'આયુષ્ય, ધન-સમૃદ્ધિ, ઘરના છિદ્ર- ભેદ, મંત્ર, ઔષધ, મૈથુન, દાન, માન અને અપમાન આ નવ બાબત શક્ય હોય ત્યાં સુધી ગુપ્ત રાખવી.'

જીવનમાં સુખ- શાંતિ માટે માત્ર સમૃદ્ધિ જરૂરી કે મહત્વની નથી, પણ ઘણીવાર વ્યવહારુ સમજ-જ્ઞાન પણ આવશ્યક બને છે. આ શ્લોકમાં એવી 'નવ' બાબતો જણાવવામાં આવી છે જે ગુપ્ત રાખવી જોઈએ.

(૧) આજના યુગમાં સ્ત્રીઓ સાચી ઉંમર કહેતી જ નથી પણ લગ્નેચ્છુક લોકો જાહેરાતોમાં પણ સાચી ઉંમર જણાવતા નથી. કોઈને 'આયુષ્ય' અંગે સાચો અભિપ્રાય ન આપવો. (૨) ધન-સમૃદ્ધિ તો આજે ઈન્કમટેક્ષના દરોડા કે ચોર-લૂંટારા- ભાગીદારોના ભયે બધા ગુપ્ત જ રાખે, (૩) ઘરમાં સભ્યોના વર્તન- ચારિત્ર્ય- સ્વભાવમાં દોષ હોય તેના ગામમાં ઢંઢેરા ન પિટાય. (૪- ૫) મંત્ર અને ઔષધ ખાનગી રાખવાં, ઔષધ(?) પોતાનું મહત્વ ટકાવી રાખવા માટે હશે કદાચ! (૬) મૈથુન- દુરાચાર ગુપ્ત રાખવા. (૭) આપેલા દાનના તકતી- પ્રચાર- ઢંઢેરા ન હોય. (૮) માન-સન્માન ગુપ્ત રાખવું (૯) અપમાન થાય તોપણ ગળી જવું.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)ઉલ્લાસપૂર્ણ દિવસ વિતે. વિરોધીઓથી સાવધ રહેવું..**

**વૃષભ : (બ.વ.ઉ.)મન પ્રફુલિત રહે. શુભ સમાચાર મળે.**

**મિથુન : (ક.છ.ઘ.)દિવસ અણધાર્યો લાભ આપનારો નીવડે. મનની મુરાદ પૂરી થાય.**

**કર્ક : (ડ.હ.) )મનમાં પ્રફુલિતતા રહે. નવિન કાર્યમાં સફળતા રહે.**

**સિંહ : (મ.ટ.) નિરાશાભર્યો દિવસ વ્યતિત થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**

**કન્યા : (પ.ઠ.ણ.) નિરાશા દૂર થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો સફળ બને.**

**તુલા : (ર.ત.) અગત્યના કાર્યમાં અવરોધ આવે.**

**વૃશ્ચિક :(ન.ય.)વાણીસંયમજાળવવો હિતાવહ. આકસ્મિક પ્રવાસ થાય.**

**ધન : (ભ.ફ.ધ.)આર્થિક સમસ્યા હળવી બને.**

**મકર : (ખ.જ.)જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. માનસિક અશાંતિ અનુભવાય.**

**કુંભ : (ગ.શ.સ.) મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ વધે. મૂડિરોકાણ ન કરવું હિતાવહ.**

**મીન : (દ.ચ.જ.થ.)હિતશત્રુઓથી સાવધ રહેવું. નાણાંભીડ અનુભવાય. પ્રયત્નો એડે જતા હોય એવું લાગે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

વિજ્ઞાનશિક્ષણનો ખ્યાલ હિંદમાં પહેલી વાર લોકપ્રિય કરનાર કલકત્તાના જાણીતા તબીબ ડો.મહેન્દ્રલાલ સરકારની જન્મજયંતી છે.

એમનો જન્મ ૨-૧૧-૧૮૩૩ ના રોજ હાવડા (બંગાળના વૈકપુરા) ગામમાં એક ગરીબ ખેડૂત કુટુંબમાં થયો હતો.

એમણે પ્રસ્થાપિત કરેલું 'કલકત્તા જર્નલ ઓવ મેડિસિન' તથતા એના અનુસંધાનમાં સ્થાપેલ 'વિજ્ઞાનવિકાસ મંડળે'એવી અદ્વિતીય સેવાઓ બજાવી કે પ્રજાએ એમનું બહુમાન કર્યું.

આ વિજ્ઞાન પ્રિય મહામાનવનું ઈ.સ. ૧૯૦૩માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## તા. ૦૩.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૫૦૫ તેમજ બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૨૫૦ પોઈન્ટ સ્ટ્રોગ સપોર્ટ....!!! તા. ૦૨.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૫૪ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૦૫ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૧૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૪૧૪ પોઈન્ટ થી ૧૦૩૯૦ પોઈન્ટ, ૧૦૩૭૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

**તા. ૦૨.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૪૬૫ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૨૫૨૫૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૫૦૫ પોઈન્ટ થી ૨૫૫૧૭ પોઈન્ટ, ૨૫૫૭૧ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૨૫૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC લિમિટેડ (૧૭૬૩) :- HDFC ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૫૧ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૪૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૭૭ થી રૂ.૧૭૮૮ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૮૯ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**કોટક બેન્ક (૧૦૨૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૦૧ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૪૧ થી રૂ.૧૦૫૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ઓરોબિંદો ફાર્મા (૭૯૫) :- રૂ.૭૮૧ પ્રથમ તેમજ રૂ.૭૭૪ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૦૮ થી રૂ.૮૧૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**સન ફાર્મા લિમિટેડ (૫૬૭) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૭૮ થી રૂ.૫૮૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**વિપ્રો લિમિટેડ (૨૯૪) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૮૧ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૦૧ થી રૂ.૩૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

**ડો. huœe (૨૪૧૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૪૪૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૩૯૦ થી રૂ.૨૩૭૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૪૬૪ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**HDFC બેન્ક (૧૮૨૦) :- રૂ.૧૮૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૦૩ થી રૂ.૧૭૯૦ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૮૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ACC લિમિટેડ (૧૮૧૨) :- સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૮૩૮ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૭૯૭ થી રૂ.૧૭૮૮ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૩૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૧૬ થી રૂ.૧૬૦૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૫૧ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**ડીવીસ લેબ (૧૦૮૦) :- રૂ.૧૦૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૦૬૧ થી રૂ.૧૦૪૭ નો ભાવ દર્શાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૧૦૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# સત્ય-અસત્યની લડાઈમાં સત્યની જ જીત થશે : રાહુલ

અમદાવાદ

રાયબરેલીમાં એનટીપીસીની પ્લાન્ટમાં બોઈલર ફાટતાં ૧૮ જણાંના મોતના સમાચાર મળતાં જ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગઈકાલે તાત્કાલિક ગુજરાત પ્રવાસ પડતો મૂકી પીડિતોની મુલાકાતે પહોંચ્યા હતા. રાહુલ ગાંધી પીડિત પરિવારોને રૂબરૂ મળી તેમને આશ્વાસન-સાંત્વના આપ્યા બાદ આજે ફરી ગુજરાત પરત ફર્યા હતા અને દક્ષિણ ગુજરાતના વલસાડ સહિતના ક્ષેત્રોમાં તેમનો ચૂંટણી પ્રવાસ આગળ ધપાવ્યો હતો. રાહુલ ગાંધીએ બે હજાર જેટલી આંગણવાડી બહેનો સાથે રૂબરૂ મળી ચર્ચા કરી તેમને હૈયાધારણ આપી હતી કે, કોંગ્રેસની સરકાર આવશે તો, શોષણ નહી પરંતુ સ્વમાન અને સ્વાભિમાન સાથે નોકરી કરી શકશો. કોંગ્રેસની સરકારમાં તેઓને આર્થિક વેતનમાં પણ કોઇ અન્યાય નહી થાય અને સરકારી ધારાધોરણ મુજબ કાયદેસર વેતન ચૂકવાશે. રાહુલે મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું કે, આ વખતે વિધાનસભા ચૂંટણીમાં પણ સત્ય અને અસત્ય વચ્ચેની લડાઇ છે અને કોંગ્રેસ પાસે સત્ય(સચ્ચાઇ) સિવાય બીજું કશું જ નથી, તેથી સત્યનો જ વિજય થશે અને અસત્ય પરાજિત થશે. ઈતિહાસ સાક્ષી છે કે, સત્યનો જ હંમેશા જય થાય છે. રાહુલ ગાંધીએ મોદી અને ભાજપ સરકાર પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, મોદીજીએ અને ભાજપ સરકારે આદિવાસીઓને શિક્ષા, રોજગાર અને જમીન આપવાના વાયદાઓ કર્યા હતા પરંતુ તે વાયદા નિભાવી જાણ્યા નથી. મોદી સરકારે આદિવાસીઓની જમીન છીનવી છે અને તેમના માનીતા ઉદ્યોગપતિઓને ફાળવી છે. આદિવાસીઓના હક્કની જમીન, પાણી અને વીજળી ઉદ્યોગપતિઓ સુધી પહોંચ્યા છે. કોંગ્રેસની યુપીએ સરકારે મનરેગા માટે રૂ.૩૫ હજાર કરોડ ફાળવ્યા હતા, જ્યારે મોદીએ આટલી મોટી રકમ એકમાત્ર ટાટા નેનો પ્રોજેક્ટ માટે આપી દીધી પરંતુ એક નેનો ગુ-જરાતમાં શોધ્યે જડતી નથી. આદિવાસીઓની જમીનની સુરક્ષા અને તેમના અધિકારો ભાજપના શાસનમાં છીનવાયા છે, તેને લઇ આદિવાસી સમાજ આઘાતમાં છે. નોટબંધી અને જીએસટીને લઈને પણ રાહુલ ગા-'ધીએ પ્રહારો કર્યા કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશની અર્થવ્યવસ્થા નષ્ઠ થઈ ગઈ. ખેડૂતો, મજુરો, નાના દુકાનદાર, વેપારીઓની કમર તૂટી ગઈ. દેશનો જીડીપી બે ટકા નીચે આવી ગયો. નોટબંધી અને જીએસટીમાં બધુ બરબાદ થઈ ગયુ તો ય મોદીજી એમ કહે છે, નોટબંધી અને જીએસટીથી ફાયદા થયા છે. વાસ્તવિકતા તો એ છે કે, મોદીજીનું ગુજરાત મોડેલ તમામ તબક્કે ફેલ ગયું છે અને તેમના વિવાદીત નિર્ણયોથી દેશની જનતા અને અર્થતંત્ર બરબાદ થયા છે.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૪ નરેન્દ્ર મોદી વોટીંગ કરશે

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે અંદાજીત ૧૫૪ વૉટર્સ નરેન્દ્ર મોદી ના નામથી છે. જેમાં ખુદ નરેન્દ્ર મોદી પણ આ યદી માં સામેલ છે. તો બીજી તરફ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ડુપ્લીકેટ ની પણ ખુબજ ડિમાન્ડ છે. જેના નામ હાલ માં નરેન્દ્ર મોદી છે.તેઓ પોતાના નામ ને લઈને ગૌરવ અનુભવી રહ્યા છે. જો કે આ વખતે નરેન્દ્રભાઈ પોતા નો મત રાણીપ મત ક્ષેત્ર થી નાંખશે. સાથે સાથે નરેન્દ્ર મોદી ના નામ વાળા ૧૫૪ મતદારો પોતાના મતાધિકાર નો ઉપયોગ કરશે. અત્રે ઉલ્લેખનીય છેકે ભૂતકાળ માં રાજકીય પાર્ટીઓ મતદાર ને ગુમરાહ કરવા માટે એક જેવા નામ વાળા મેં ટીકીટો આપતી હતી. પરંતુ વર્તમાન સ્થિતિ એ રાજકીય પાર્ટીઓ ની આ ફોર્મ્યુલા હવે કામ આવે તેમ નથી.

પીએમ નરેન્દ્ર મોદી નું નામ અમદાવાદ જિલ્લા ની મતદાર યાદી માં સામેલ છે. જેમાં સૌથી વધુ મતદારો ના નામ નરેન્દ્ર મોદી છે. જેમાં કુલ ૪૯ વૉટર્સ નો સમાવેશ થાય છે. જ્યારે સૌથી વધુ નરેન્દ્ર મોદી માં નામ વાળો જિલ્લો મહેસાણા આવે છે. જેમાં નરેન્દ્ર મોદી ના નામ વાળા ૨૪ મતદારો લિસ્ટ માં છે. જ્યારે ભરૂચ ત્રીજા સ્થાને છે જેમાં ૧૬ અને સુરત માં ૧૫ નરેન્દ્ર મોદી મતદાન કરશે. ઉપરાંત પાટણ જિલ્લા માં ૧૩ બનાસકાંઠા માં ૧૧ સાબર કાંઠા માં ૭ ગંધીનગરમાં ૬અને વડોદરા માં ૬ મતદારો નરેન્દ્ર મોદી ના નામ થી છે. આમ વડાપ્રધાન ના નામ થી આ ચૂંટણી માં પણ મોદી બ્રાન્ડ ની ચર્ચા વેગવન્તિ બની છે.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ૧.૬૬ કરોડની શાહીની ખરીદી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પગલે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણતા આરે છે. ત્યારે ચૂંટણી લક્ષી સાહિત્ય અને તેને લગતી સામગ્રી, શાહીની ખરીદી પણ કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મળતી માહિતી અનુસાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન સમયે આંગળી પર ટપકું કરવા માટે વપરાતી અવિલાંપ્ય શાહીન બોટલનો જથ્થા પણ લાવી દેવામાં આવ્યો છે.

ચૂંટણી માટે ન અંદાજીત / કરોડ ૬૬ લાખ ૮૬ હજારની અવિલોપ્ય શાહીની ખરીદી કરવામાં આવી ચુકી છે. જેમાં ૧ લાખ ૧૧ હજાર ૨૪૦ નંગ (ઈન્ક) ની ૧૦ એમ.એલ.ની બોટલની વ્યવસ્થા પંચ દ્વારા કરવામાં આવી છે.

આ અંગે માહિતી આપતા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે મતદાન સમયે વપરાતી આ અવિલોપ્ય શાહીની બોટલની મૂળ કિંમત અંદાજીત ૧૫૦ રૂપિયા છે. ત્યારે ૧ વોટીંગ દીઠ ૨ બોટલ ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવશે તેમ જણાવ્યું હતું અને આ તમામ જથ્થો મુખ્ય ચૂંટણી અધિકારીની કલેરીને પ્રાપ્ત થઈ ચુક્યો હોવાનું જણાવ્યું હતું.

# જય શાહ વિશે લેખ મામલે જવાબદારો હવે હાઇકોર્ટમાં

અમદાવાદ

નવી દિલ્હીના ધ વાયર નામના ન્યુઝ પોર્ટલમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહ અને તેની કંપની વિશે લખાયેલા વિવાદીત અને બદનક્ષીભર્યા આર્ટિકલ અંગે જય શાહે અત્રેની મેટ્રોપોલીટન કોર્ટમાં પોર્ટલના રિપોર્ટર રોહિણીસિંહ સહિત સાત આરોપીઓ વિરૂધ્ધ દાખલ કરેલી બદનક્ષીની ફરિયાદ અને ફોજદારી કોર્ટ દ્વારા તેઓની વિરૂધ્ધ જારી કરાયેલા સમન્સના હુકમને પડકારતી ન્યુઝ પોર્ટલના જવાબદારોએ ગુ-જરાત હાઇકોર્ટમાં કવોશીંગ પિટિશન દાખલ કરી છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટે અમિત શાહના પુત્ર જય શાહ સહિતના પક્ષકારો વિરૂધ્ધ નોટિસ જારી કરી છે અને કેસની વધુ સુનાવણી બે સપ્તાહ પર મુકરર કરી હતી. હાઈકોર્ટે જય શાહને બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા નિર્દેશ પણ કર્યો છે. જો કે, હાઈકોર્ટે અરજદારપક્ષને નીચલી કોર્ટ દ્વારા જારી કરાયેલા સમન્સના હુકમ સામે સ્ટે આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો.

મેટ્રોપોલીટન કોર્ટ દ્વારા સમન્સ જારી કરાયેલ આરોપીઓમાં રોહિણીસિંહ ઉપરાંત ન્યુઝ પોર્ટલના ફાઉન્ડીંગ એડિટર સિધ્ધાર્થ વરદરાજન, સિધ્ધાર્થ ભાટિયા, એમ.કે.વેણુ,

**અનુસંધાન પાના નં.૬**

# પાલનપુર તાલુકા પોલીસે બે શખ્સોને ગાયો સાથે ઝડપી ઢોર ચોરીનો ભેદ ઉકેલ્યો

પાલનપુર

પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચનાથી અને એ.આર.ઝનકાંત (નાયબ પોલીસ અધિક્ષક પાલનપુર) તથા એન.ડી.અસારી (સર્કલ પોલીસ ઈન્સપેક્ટર પાલનપુર) ના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં મીલ્કત સંબંધી ગુના તેમજ ઢોર ચોરીના ગુના શોધી કાઢવા સુચના મળતા પો.સ.ઈ. એ.વાય.પટેલ તથા તેમની ટીમના માણસોએ પાલનપુર તાલુકા પો.સ્ટે. ના ગુનાના આરોપી પ્રવિણજી ઉર્ફે પકાજી તેજાજી ઠાકોર રહે.ઉંબરી હાલ રહે.પાદરડી તથા ભોપાજી નેપાજી ઠાકોર રહે.આકોલીવાળાઓને ઝડપી પાડી ગુનાના



સંજય જોષી

ગાયો જીવ - ૨ કિ.રૂા.૧,૫૦,૦૦૦/- ઝડપી ઢોર ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે પી-કપ જીપ ડાલું નં.જીજે ૧૬ - વી.૪૪૨૧ કિ.રૂા.૩,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નં.૧ કિ.રૂા.૧૦૦૦/- મળી કી.રૂા.૪,૫૧,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી બંને આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

# કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો તમારા હાથમાં...

**વિધાનસભાની ચૂંટણીના ભણકાર સંભળાઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષોએ સંમેલનો અને યાત્રાઓ દ્વારા પ્રચારના શ્રી ગણેશ કરી દીધા છે. ફરી એકવાર વાયદા અને વચનોની રસલ્હાણ કરાઈ રહી છે પરંતુ તેમાં ભરમાવાને બદલે એક જાગૃત મતદાર તરીકે લાયક ઉમેદવારની પસંદગી સૌની ફરજ બની જાય છે. ત્યારે પંથકનો વિકાસ કરી શકે તેવા સક્ષમ ઉમેદવારની પસંદગી થાય તે હેતુથી 'રખેવાળ' દ્વારા આપનો મત જાણવાનો એક પ્રયત્ન કર્યો છે. પક્ષાપક્ષીથી પર રહી આપ આપનો અભિપ્રાય નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખી ફોર્મ ભરીને 'કોણ બનશે ધારાસભ્ય... ફેંસલો આપણા હાથમાં' લખી અમારા નજીકના પ્રતિનિધિને અથવા રખેવાળ કાર્યલય કે ફોર્મના ફોટા પાડી અમારા વોટસઅપ નંબર ૯૮૨૪૫૦૨૧૦૨ ઉપર મોકલી આપશો.**

**નામ :** ______________________ **ઉંમર** ________

**સરનામું :** ______________________ **ગામ** ________

**વ્યવસાય :** ______________________

**તમારે માત્ર દરેક પ્રશ્નના ત્રણ વિકલ્પોમાંથી કોઈપણ એક વિકલ્પ સામે આપેલા બોક્ષમાં ખરાનું નિશાન કરવું અથવા તમારો વ્યક્તિગત અભિપ્રાય આપવા માટે ચોથા વિકલ્પમાં લખવું તમારૂં નામ ગુપ્ત રાખવામાં આવશે.**

**(૧) તમે વિધાનસભામાં કેવો ઉમેદવાર પસંદ કરશો ?**
અ. શિક્ષિત અને સર્વ લોકોને સાથે રાખીને ચાલે તેવા ? ☐
બ. સ્થાનિક ☐
ક. તમારા મત વિસ્તારની દરેક સમસ્યાનો ઉકેલ લાવે તેવા? ☐
ડ. ....................................

**(૨) તમારા વર્તમાન ધારાસભ્યને મત આપવા કે ન આપવાના કારણો ?**
અ. મત વિસ્તારના વિકાસમાં સક્રિય છે ? ☐
બ. વિધાન સભામાં પ્રશ્નોની રજુઆત કરી છે ? ☐
ક. અમારા મત વિસ્તારના કામો કરવામાં ઉણા ઉતર્યા છે ? ☐
ડ. ....................................

**(૩) તમારા વિસ્તારના ભાવિ ઉમેદવાર પાસેથી શું અપેક્ષા છે ?**
અ.તમારા વિસ્તારની સમસ્યાઓનો ઉકેલ ? ☐
બ. તમારા વિસ્તારનો સર્વાંગી વિકાસ કરે. ☐
ક. ભ્રષ્ટાચારનો અંત લાવવા પ્રયત્ન કરે ? ☐
ડ. ....................................

**(૪) તમારો ઉમેદવાર આપેલ વચનો ન પાળે તો ?**
અ. તેને પાછા બોલાવવા મતદારોને અધિકાર હોવો જોઈએ? ☐
બ. તેના પર ફરી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મુકવો જોઈએ ? ☐
ક. તેની સામે છેતરપિંડીનો ગુન્હો નોંધાવો જોઈએ ? ☐
ડ. ....................................

**(૫) તમારા પસંદગીના ઉમેદવારો પક્ષના નામ સાથે ?**

| પક્ષ - કોંગ્રેસ | પક્ષ ભાજપ |
|---|---|
| (૧)...................... | (૧)...................... |
| (૨)...................... | (૨)...................... |
| (૩)...................... | (૩)...................... |
| (૪)...................... | (૪)...................... |
| (૫)...................... | (૫)...................... |

**અમારો આ સર્વે કોઈ પણ રાજકીય પક્ષ, વિચારધારા અથવા વ્યક્તિગત રીતે સીધા અથવા પરોક્ષ રીતે જોડાયેલો નથી. આ સર્વેની કવાયત માત્ર મતદારોના અભિપ્રાય જાણવા પુરતા જ છે. તેનાથી કોઈ પક્ષ કે વ્યક્તિને નિશાન બનાવવાનો આશય નથી.**

# બાપુ હત્યા : એમિકસ ક્યુરીને ૪૦૦૦ દસ્તાવેજ હાથ લાગ્યા

નવી દિલ્હી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યાના મામલે નવેસરથી તપાસ થવી જોઈએ કે કેમ તેના પર રિપોર્ટ આપવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ એડિશનલ સોલિસિટર જનરલ અમરેન્દ્ર શરણને સલાહકાર અથવા તો એમિકસ ક્યુરી તરીકે નિમવામાં આવેલા છે. એમિકસ ક્યુરી તરીકે નિમાયા બાદ શરણે મહાત્મા ગાંધીની હત્યા સાથે સંબંધિત ટ્રાયલ કોર્ટના રેકોર્ડ અને વર્ષ ૧૯૭૯ના જીવન લાલ કપુર તપાસ પંચના રિપોર્ટના આશરે ૪૦૦૦ પાનામાં તપાસ કરી છે. એમિકસ ક્યુરીને બાપુ હત્યાકાંડ સાથે સંબંધિત ૪૦૦૦ પાનાના દસ્તાવેજો મળ્યા બાદ તેમાં ચકાસણી કરવામાં આવી રહી છે. જસ્ટીસ એસએ બોબડે અને જસ્ટીસ એલ નાગેશ્વર રાવની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે સાતમી ઓક્ટોબરના દિવસે શરણની એમિકસ ક્યુરી તરીકે નિમણૂંક કરી હતી.શરણની એમિકસ ક્યુરી તરીકે નિમણૂંક કરીને ગાંધીની હત્યા સાથે જોડાયેલા દસ્તાવેજોમાં તપાસ કરવા માટે તેમને આદેશ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિર્દેશ અભિનવ ભારતના પંકજ ફડનીસ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી ચલાવતી વેળા આદેશ કર્યો હતો. જેમાં ફડનીસે દાવો કર્યો હતો કે મહાત્મા ગાંધીની હત્યા એક રહસ્મય વ્યક્તિ દ્વારા કરવામાં આવી હતી. જે શખ્સે ચોથી ગોળી ચલાવી હતી. જેને ક્યારેય પકડી પાડવામાં આવ્યો ન હતો. અરજી કરનારે રાષ્ટ્રપિતાની હત્યા સાથે જોડાયેલી ત્રણ ગોવીની થિયેરીને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. જો કે તેમની અરજીને મુંબઈ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. એમિકસ ક્યુરી દ્વારા આર્કાઈજ ની મદદ માંગી હતી. ત્યારબાદ તેઓએ ટ્રાયલ કોર્ટના ૪૦૦૦ પેજ રેકોર્ડમાંથી ૩૦૦૦ પેજ ઉપલબ્ધ કરાવ્યા હતા. તપાસ હજુ જારી છે. શરણે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યુ છે કે તેઓ ટ્રાયલ કોર્ટના રેકોર્ડની સંપૂર્ણ તપાસ કરી લેશે. સાથે સાથે કપુર પંચ દ્વારા દર્શાવવામાં આવેલા કાવતરાના તમામ પાસા પર તેમજ બીજા દસ્તાવેજોમાં ચકાસણી કરી લેશે.

શરણને ૨૭મી નવેમ્બર સુધી તેમનો હેવાલ સુપ્રીમ કોર્ટમાં સોંપવાની જરૂર છે. શરણ ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે હત્યાના દિવસે પહેરવામાં આવેલા મહાત્માં ગાંધીના વસ્ત્રોમાં તપાસ કરી ચુક્યા છે. તેમના વસ્ત્રોને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. તેમણે કહ્યુ છે કે ચાદર અને ધોતી પર લાગેલા ખુનના નિશાન હચમચાવી મુકે તેવા છે. અરજી કરનાર પંકજ ફડનીસે કહ્યુ છે કે

**અનુસંધાન પાના નં.૬**

# બુલેટ ટ્રેન માટેના રૂટ પર દર મહિને ૧૦ કરોડનું નુકસાન

નવ દિલ્હી

મુંબઈ-અમદાવાદના રૂટ પર વર્ષ ૨૦૨૩ સુધી દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવા માટેની તૈયારી ચાલી રહી છે. મોદીના વતન રાજ્ય ગુજરાતને મુંબઈ સાથે જોડી દેતા આ રૂટની હાલમા 'જ જાપાનના વડાપ્રધાન શિન્જો આબેની હાજરીમાં શિલાન્યાસની વિધી કરવામાં આવી હતી. પરંતુ એક આરટીઆઈના જવાબમાં રેલવેથી મળેલી જાણકારી મુજબ આ રૂટ છેક જુલાઈ માસથી નુકસાનમાં ચાલી રહ્યુ છે. આ રૂટ પર તમામ ટ્રેનોમાં આશરે ૪૦ ટકા સીટો હાલમાં ખાલી ચાલી રહી છે. જેના કારણે પશ્ચિમી રેલવેને ભારે નુકસાન થઇ રહ્યુ છે. મુંબઈના આરટીઆઈ કાર્યકર અનિલ ગલગલીની અરજી પર જવાબમાં ભારતીય રેલવે દ્વારા કહેવામાં આવ્યુ છે કે

**અનુસંધાન પાના નં.૬**

# ડીસા સમૌ મોટા ગામે બીએસએનએલ સેવાના ધાંધીયા

પ્રતિનિધિ શિહોરી

ડીસા તાલુકાના સમૌ મોટા ગામમાં આવેલ બીએસએનએલ ટાવર અને એક્ષચેન્જ દિવાળીના તહેવારોના સમયમાં શોભાના ગાંઠીયા સમાન સાબિત થયા હતા. ટેલીફોન એક્ષચેન્જમાં સેવા આપતા સ્ટાફની કામગીરી પણ અનિયમિત છે. આમ એકબાજુ બીએસએનએલ કંપની સારી સેવા અને સસ્તી સેવાની જાહેરાત કરે છે. ત્યારે સમૌ મોટા ગામે એક્ષચેન્જ અને ટાવરના ધાંધીયાથી ગામના ગ્રાહકો પરેશાન થઈ ઉઠ્યા છે. ત્યારે બીએસએનએલ હવે સારી હવે સારી સેવાઓ આપતું થાય તેમ સમૌ મોટાના બીએસએનએલના ધારકો ઈચ્છી રહ્યા છે.

# ચૂંટણીને અનુલક્ષી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું

પાલનપુર

ભારતના ચૂંટણી આયોગ ધ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ની જાહેરાત થયેલ હોઇ આદર્શ આચારસંહિતા અમલી બની છે. તે મુજબ બનાસકાંઠા જિલ્લામાં આ ચૂંટણી માટે મતદાન તા. ૧૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૧૮/૧૨/૨૦૧૭ ના રોજ હાથ ધરાનાર છે. તેમજ આ ચુંટણીની તમામ પ્રક્રિયા તા.૨૦/૧૨/૨૦૧૭ ના રોજ પુરી થનાર છે.

ચૂંટણી દરમ્યોન ઉમેદવારો તથા તેમના કાર્યકરો દ્વારા પ્રચાર ઝુંબેશ માટે સભા, સરઘસ, વિ. નીકળવાની શકયતા હોવાથી જીલ્લાદ મેજીસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુર આર.જે.માકડીયા (આઇ.એ.એસ.)ને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ચૂંટણી હેઠળના બનાસકાંઠા જીલ્લાના સમગ્ર મતદાર વિસ્તાજરમાં તા.૨૫-૧૦-૨૦૧૭ થી તા.૨૦-૧૨-૨૦૧૭ સુધી (બન્ને દિવસો સહીત) ચાર કે તેથી વધુ વ્યાકિતઓની કોઇ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઇ ફરમાવવામાં આવી છે. આ આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ સજાને પાત્ર થશે.

# અક્ષરધામ મંદિર સુરક્ષા છાવણીમાં ફેરવી દેવાયું

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર સ્થિત અક્ષરધામ મંદિરમાં રજત જયંતિ મહોત્સવમાં ભાગ લેવા માટે આજે પહોંચ્યા હતા. મોદી પહોંચે તે પહેલા જ અક્ષરધામ મંદિર અને આસપાસના વિસ્તારોને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીના કાફલા તરફ દોરી જનાર તમામ માર્ગો ઉપર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. રજત જયંતિ કાર્યક્રમને લઇને મંદિરને શ્રદ્ધાળુઓ માટે હાલમાં બંધ રાખવામાં આવ્યું હતું. હવે આવતીકાલેથી મંદિર સામાન્ય લોકો માટે પણ ખુલી જશે. સાંજે મોદી અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ તેમનું મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મોદીનો કાફલો મંદિર સંકુલ તરફ રવાના થયો હતો. મોદીના કાર્યક્રમને લઇને પહેલાથી જ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી.

# શાળાઓને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ જોડાણથી જોડવા શરૂઆત

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ સંચાલિત શહેરમા આવેલી ૪૨૫ જેટલી શાળાઓને ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેકટીવીટીથી જોડવાનો આરંભ કરી દેવામા આવ્યો છે. આ અંગે શાસનાધિકારી દ્વારા બહાર પાડવામા આવેલા પરિપત્ર અનુસાર આ પ્રકારની કનેકટીવીટી ધરાવતી શાળાઓ દર મહિને રૂપિયા ૫૦૦ની મર્યાદામા ઈન્ટરનેટ સુવિધાનો ઉપયોગ કરી શકશે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના શાસનાધિકારી એલ.ડી.દેસાઈ દ્વારા બહાર પાડવામા આવેલા એક પરિપત્ર અનુસાર,સ્ટેટ પ્રોજેકટ કચેરી દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૭૫ જેટલી પ્રાથમિક શાળાઓ માં દરમહિને રૂપિયા ૫૦૦ લેખે ૭ માસ માટે કુલ રૂપિયા ૧,૦૦૦ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકટીવીટી માટે ગ્રાન્ટની ફાળવણી કરી છે.જે માટે મર્યાદામાં વપરાશ ઓકટોમ્બર-૧૭ થી એપ્રિલ-૨૦૧૭ સુધી કરવાનો રહેશે.આ અંગે શાસનાધિકારી એલ ડી દેસાઈનો સંપર્ક કરવામા આવતા તેમનુ કહેવુ છે કે,દરેક શાળાઓમા ઈન્ટરનેટ કનેકટીવીટી આપવાની કામગીરી ચાલી રહી છે.આમ કરવા પાછળનો આશય બાળકો કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના માધ્યમ થકી દુનિયામા કયાં શુ થઈ રહ્યુ છે એ વિશે નવુ નવુ જાણી શકે.જો કે ૫ ઓકટોબર-૨૦૧૭ના રોજ તેમના દ્વારા ઈન્ટરનેટ બ્રોડબેન્ડ કનેકટીવીટી અંગે કરવામા આવેલા પરિપત્ર બાદ અત્યાર સુધીમાં કુલ -૨૭૫ શાળાઓને કનેકટીવીટી આપી દેવામા આવી હોવાનુ તેમનુ કહેવુ છે.જો કે આ પરિપત્રમાં તેમણે શાળાઓને તાકિદ કરતા ૩જી અથવા ૪જી કનેકશન સ્પીડ ધરાવતી ઈન્ટરનેટ પ્રોવાયડેડ કંપનીનો પોસ્ટપેઈડ પ્લાન લેવા અને જે તે શાળાએ બીલોની ચૂકવણી ન કરતા અગાઉના ઈન્ટરનેટ કનેકશન બંધ ન કરાવેલા હોય તો કંપની તરફથી મેળવેલ કોર્ટ નોટિસની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે એમ પણ કહ્યુ છે.

# એક્સિસ બેંક અમદાવાદનો ફ્રેંકીંગ મશીનનો પરવાનો રદ

અમદાવાદ

અમદાવાદના લો-ગાર્ડન વિસ્તારમાં આવેલી એકસીસ બેન્કની શાખા દ્વારા ફ્રેંકીંગ મશીન ચાલુ હોવા છતાં નાની રકમનું ફ્રેંકીંગ કરી આપવાનો ઈન્કાર કરી દેવામા આવતા સ્ટેમ્પ વિભાગ તરફથી બેન્કનો ફ્રેંકીંગ મશીનનો પરવાનો રદ કરવામા આવ્યો છે.આ અંગે અધિક સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પની યાદીમા જણાવાયા અનુસાર,રાજયના નાગરિકોને સ્ટેમ્પની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય તે આશયથી રાજય સરકાર દ્વારા બેન્કોના માધ્યમથી ફ્રેંકીંગ સુવિધાઓ પુરી પાડવામા આવે છે.પરંતુ બેન્ક દ્વારા મશીનની ખામીનુ કારણ બતાવી ફ્રેંકીંગ કરવામા આવતો હોવાની ફરિયાદો મળતા સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ કચેરી દ્વારા આકસ્મિક તપાસ કરવામા આવતી હોય છે.આ ઉપરાંત અમદાવાદની લો-ગાર્ડન ખાતે આવેલી એકસીસ બેન્ક ખાતે ખામી જણાતા આ પરવાનો રદ કરવામા આવ્યો છે.

અનુસંધાન પાના નં.૬

# થરાદ પોલીસે વિદેશી દારુ ભરેલી મારૂતિ ગાડી ઝડપી



પાલનપુર

પોલીસ અધીક્ષક નીરજ બડગુજર સાહેબ બનાસકાંઠા પાલનપુરનાઓએ જીલ્લામાં દારૂની બદી સંપુર્ણ પણે નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના મુજબ તથા ના.પો.અધિ. એ.એચ.ચૌધરીનાઓની તથા કે.એસ.ચૌધરી પો.ઈન્સ. થરાદ પો.સ્ટે.નાઓએ હાલમાં વિભાનસભાની ચુટણી અનુસંધાને આદર્શ આચાર સંહિતાનું ચુસ્તપણે અમલ કરવાની અને દારૂની બદી સંપુર્ણ પણે નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના આધારે થરાદ પોલીસ સ્ટાફના માણસો ASI પ્રતાપસિહ તથા PC અરુણભાઇ તથા PC પ્રવિણભાઇ આજરોજ થરાદ પો.સ્ટેના ખોડા ઓ.પી વીસ્તારમા પ્રોહી લગત પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક મારૂતિ ગાડી નં. જી.જે.૧૮.એએ.૨૬૫૪ માં પરપ્રાંતિય દારૂ ભરી રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવનાર છે તે બાતમી આધારે બેવટા ગામે નાકાબંધી કરી ઉપરોક્ત હકીકત વાળી ગાડી આવતાં જેને રોકાવી ગાડી ચેક કરતા પર પ્રાતિય વિદેશી દારુની પેટી નંગ-૦૬ મળી કૂલ બોટલ નંગ- ૨૮૮ કુલ કિ.રૂ.૨૮૮૦૦/- નો મુદામાલ તથા ગાડી કિ.રૂ.૫૦,૦૦૦/ની મોબાઇલ કીરૂ ૫૦૦/- નો મળી કુલ કિ.રૂ.૭૯,૩૦૦/- નો મુદામાલ મળી આવતાં પ્રોહી એકટ કલમ ૬૫ઇ, ૯૮(૨), ૯૯, ૮૧ મુજબ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

# અમીરગઢનાં અરણીવાડા ગામ પાસે નાકાબંધી દરમ્યાન કારમાંથી વિદેશી દારૂ પકડાયો



સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરનાઓએ આગામી સમયમાં ગુજરાત રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર હોય તથા બનાસકાંઠા જિલ્લો રાજસ્થાન બોર્ડરને અડીને આવેલ હોય રાજસ્થાન રાજયમાંથી ગેકારીતે જિલ્લામાં તથા રાજયમાં દારૂની હેરાફેરીના થાય તથા દારૂની બદી સદંતર બંધ થાય તે માટે બોર્ડરના ખાનગી રસ્તાઓ ઉપર સઘન ચેકિંગ રાખી આવી ગેકા પ્રવુતિ અટકે તે રીતે કડક અમલવારી કરવા સારું સૂચના કરતા તેઓની સૂચના તથા એચ.કે.વાઘેલા સાહેબ નાયબ પોલીસ અધિક્ષક ડીસા તથા ડી.ડી.ગોહિલ સીપીઆઈ ડીસાનાઓના માર્ગદર્શન હેઠળ પી.સી. દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેકટર અમીરગઢ પોસ્ટનાઓ સ્ટાફના માણસો કાંતિભાઈ, મનજીભાઈ, હસમુખભાઈની સાથે પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પી.સી. દેસાઈ પોલીસ સબ ઈન્સ્પેકટર અમીરગઢનાઓને મળેલ બાતમી હકીકત આધારે તેઓ તથા ઉપરોક્ત માણસો ઈકબાલગઢ પાસે અરણીવાડા ગામ નજીક નાકાબંધી કરતા એક મહિન્દ્રા કંપનીની કાર નં.GJ 24 K 7864 ની આવેલ જેને રોકાવતા તેમાંથી બે ઈસમો સુધીરકુમાર ડાહ્યાભાઈ ગામી(પટેલ) રહે.બાટાવાડા તા.પાલનપુર તથા પ્રણવકુમાર અંબાલાલ મોદી રહે.પાલનપુર હમીરબાગવાળા મળી આવતા તેમના કબ્જામાંથી વિદેશી દારૂ બોટલ નંગ ૨૪૦ કિરું.૪૨૦૦૦/- તથા મોબાઈલ નંગ.૦૨ કિરું.૧૦,૦૦૦/- તથા ઉપરોક્ત મહિન્દ્રા વેરીટો કાર કિરું.૨,૫૦, ૦૦૦ મળી કુલ રૂ.૩,૦૨,૦૦૦૦/- નો મુદામાલ મળી આવેલ તથા સદરી દારૂ પાલનપુર શહેરમાં રહેતા પ્રિયાકકુમાર ઘનશ્યામભાઈએ મંગાવેલ હોય તે તમામ સામે અમીરગઢ પોસ્ટેમાં પ્રોહીબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

## નગરો-મહાનગરોના વિકાસ માટે ભાજપ કટિબદ્ધ

# સાબરમતિ રિવરફ્રન્ટ વિકાસનું નજરાણું બની ગયું છે : ભાજપ

અમદાવાદ

ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના વડપણ હેઠળની ભાજપા સરકાર નગર-મહાનગરના વિકાસ માટે કટિબદ્ધ છે. અનેકવિધ યોજનાઓને તે માટે અમલી બનાવી કાર્યાન્વિત કર છે. ભારત સરકાર ૧૦૦ સ્માર્ટ સીટીમાં ગુજરાતના ૦૬ મહાનગરો દાહોદ, ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટનો સમાવેશ કરીને સુવિધાસંપન્ન કરવાન વિશેષ ગ્રાન્ટ ફાળવી નગરો-મહાનગરોના વિકાસ માટેની ઈચ્છાશક્તિને હકીકત બનાવી છે. ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે રાજ્ય સરકારે શહેરી વિસ્તાર માટે કરેલા નિર્ણયોની વિગતોમાં જણાવ્યું હતું કે, રૂપિયા ૮૮૫ કરોડના ખર્ચે ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને જામનગરમાં ૮૬ વિકાસ કાર્યો શરૂ કરવાનું આયોજન કરેલ છે. રાજકોટથ મોરબી વચ્ચેના માર્ગને રૂપિયા ૨૭૫ કરોડના ખર્ચે ફોરલેન બનાવવાનો નિર્ણય કર્યો છે. રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં ૧૨૫ ચોરસ મીટર સુધીના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે પૂર્વમંજુરી લેવામાંથી મુક્તિ આપી છે. ૧૦૦૦થી વધુ નાના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરી બેઠો કરવા માટે રૂપિયા ૧૧૦ કરોડની માતબર રકમના ખર્ચે ૩૫ મલ્ટિલેવલ શેડનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યની ૧૬૨ નગરપાલિકા-૦૮ મહાનગર પાલિકાઓને ૯.૬૦ લાખ સ્ટ્રીટ લાઇટને એલઇડીમાં રૂપાંતરિત કરવામાં આવી રહી છે. રાજકોટ ખાતે ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવામાં આવશે. જગદીશ ભાવસારે વધુમાં જણાવ્યું હતું કે, ૦૫ મહાનગરોમાં યુએલસીની જમીનો પર છેલ્લા ૨૫-૨૫ વર્ષથી મકાનો ઉભા છે તે રહેઠાણના મકાનોને કાયદેસર કરવાનો વટહુકમ પસાર કરી નાગરિકોને સ્થિરતા અને શાંતિથી જીવન જીવવાની વ્યવસ્થા સરકારે કરી છે.

# રાહુલે મહાભારતનું ઉદાહરણ ટાંકતાં તાળીઓ પડી....

અમદાવાદ

રાહુલ ગાંધીએ તેમના પ્રવચન દરમ્યાન એક તબક્કે મહાભારતનું ઉદાહરણ ટાંકી ભગવાન શ્રી કૃષ્ણ અને દુર્યોધન વચ્ચેનો સંવાદ રજૂ કર્યો હતો. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણએ દુર્યોધનને પાંડવો માટે પાંચ ગામ જમીન માંગી હતી પરંતુ દુર્યોધને સોંયની અણી જેટલી જગ્યા આપવાની ઘસીને ના પાડી દીધી હતી. આજે પણ સ્થિતિ કંઈક આવી જ છે. છેલ્લા ૨૨ વર્ષોથી મોદીજી અને ભાજપ સરકારે ગુજરાતની જનતા પાસેથી તેમના અધિકારના જમીન, પાણી અને વીજળી લીધા અને બદલામાં શિક્ષણ, રોજગારી અને આરોગ્ય આપવાના વાયદા કર્યા હતા પરંતુ આપ્યુ કશુંય નહી. દુર્યોધન અને કૌરવો પાસે મોટી સેના હતા, અસ્ત્ર-શસ્ત્ર હતા,

અનુસંધાન પાના નં.૬

## જોઈએ છે

**ગૃહમાતા ગ્રાન્ટ ઈન એઈડ કન્યા છાત્રાલય, મું.નારોલી, તા.થરાદ, જિ.બ.કાં. માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિ.જા.કચેરી, પાલનપુરના મંજુરી પત્ર નં.સકઅ/છતલ/એન.ઓ.સી. ૨૦૧૭-૧૮ ૫૪૪૨ તા.૧૩-૯-૧૭ મુજબ ખાલી પડેલ ગૃહમાતા જગ્યા-૧ - સા.શૈ.પછાત જાતિ માટે અનામત, ધો.૧૦ પાસ ઉમેદવારોએ લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો સાથે દિન-૧૦ માં રજિસ્ટર પોસ્ટ એ.ડી.થી. મંત્રીશ્રી, સર્વ સેવા ટ્રસ્ટ, મું.રાધનપુર, તા.રાધનપુર, જિ.પાટણ, પીન - ૩૮૫૩૪૦ ને અરજી કરવી.**

# પ્રજાનો મૂડ જાણવા કોંગ્રેસના પ્રશાંત કિશોરના ગુજરાતમાં ધામા

## ગ્રાઉન્ડ રિયાલીટી જાણી વિસ્તૃત અહેવાલ રાહુલને સોંપશે



નવી દિલ્હી

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ૩ દિવસ માટે ગુજરાત પ્રવાસે છે અને દક્ષિણ ગુજરાતમાં રેલી કરી રહ્યા છે ત્યારે બીજી તરફ પ્રશાંત કિશોરની ટીમ પણ ગુજરાત આવી છે. ગુજરાતમાં રાહુલ ગાંધીની મુલાકાત પછી લોકોના માનસમાં કેવો ફેરફાર થયો છે અને ગુજરાતની વાસ્તવિક સ્થિતિ શું છે તે ગ્રાઉન્ડ રિયાલીટી જાણીને એક વિસ્તૃત અહેવાલ કોંગ્રેસ ઉપાધ્યક્ષને સોંપવામાં આવશે.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી સાથે રાજયના ટોચના નેતાઓ દક્ષિણ ગુજરાતની મુલાકાતે છે અને રાહુલ ગાંધીના વિશ્વાસુ પ્રશાંત કિશોરની ટીમે ગ્રાસરુટની સ્થિતિનો સર્વે શરુ કર્યો છે. ૨૦ સભ્યોની આ ટીમ પાંચ-પાંચ સભ્યોના ગ્રુપમાં વહેંચાઈને અલગ અલગ ચાર ઝોન અને મહાનગરો તેમજ ગ્રામીણ વિસ્તારમાં કોંગ્રેસની વાસ્તવિક સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરશે. આ ટીમ પ્રદેશથી માંડીને તાલુકા સ્તરના તમામ નેતાઓને દૂર રાખીને પોતાની રીતે રાજકીય પરિસ્થિતિનો તાગ મેળવશે. આ ટીમ અમદાવાદની એક ખાનગી હોટલમાં રોકાઈ છે અને આગામી બે-ત્રણ દિવસમાં જુદા જુદા વર્ગના લોકોને મળીને કોંગ્રેસ અંગેના તેમના અભિપ્રાય-મંતવ્યો જાણશે.

કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટીએ અત્યારસુધીમાં વિધાનસભાની ૧૦૦ બેઠકના સીગલ ઉમેદવારો નક્કી કર્યા છે. મળેલી જાણકારી પ્રમાણે આ ટીમ સંભવિત ઉમેદવારો અંગેની પણ માહિતી મેળવશે. આ ટીમ દ્વારા કોંગ્રેસની નબળાઈ ગણાતા શહેરી વિસ્તારમાં ઉમેદવારોની પસંદગી પહેલાં આ ડિટેલ સર્વે કરવાની કપરી કામગીરી સોંપવામાં આવી હોવાનું જણાવતાં સૂત્રોએ ઉમેર્યું કે, રાહુલ ગાંધીની ઉત્તર ગુજરાતની મુલાકાત સુધીમાં આ અંગેનો અહેવાલ પણ હાઈકમાન્ડને સુપરત કરાશે.

## પાલ જૈન સંઘમાં બે દિક્ષાના મુહુર્ત

# જૈન સાધુઓની કઠોર ચર્યા સ્વીકારવાની તૈયારી યુવાવસ્થામાં કરે તે ધન્યવાદને પાત્ર છે : આચાર્ય ગુણરત્ન સુરીજી



વસંત બારોટ

સુરત

શ્રી ઓમકાર સુરિ આરાધના ભવન પાલમાં પૂજ્યપાદ ૩૭૦ દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્ન સુરીશ્વરજી મ.સા. તપસ્વી આચાર્યશ્રી રવિરત્ન સુરીશ્વરજી મ.સા. તથા શ્રી રશ્મિરત્ન સુરીશ્વરજી આદિ ૨૦૦ થી વધુ સાધુ સાધ્વી ભગવંતોની નિશ્રામાં વાવના શ્રી સુરેશભાઈ ધુડાલાલ વોરા (અઠવાલાઈન્સ) ની સુપુત્રીઓ મુમુક્ષુ પૂજાકુમારી તથા મુમુક્ષુ મોક્ષાલી કુમારીની દીક્ષાનું મુહુર્ત વિ.સ.૨૦૭૪ ફાગણ વદ ૧૨ તારીખ ૧૪ માર્ચ નું મુહુર્ત પત્ર પરિવારને અપાયું.

આ પૂર્વ બંને મુમુક્ષુઓ વિન્ટેજ કારમાં બેસીને રાજહંસ એલીટાથી બેન્ડ વાજા અને મંડળીઓ સાથે વાજતે ગાજતે ઓમકાર સુરિ આરાધના ભવન આવવા માટે નીકળ્યા આરાધનાભવનમાં પ્રવેશ કરતા પૂર્વે શાંતિ અને અહિંસાના પ્રતિક 'કબુતરો મુક્ત ગગનમાં વિહરવા દીધા મુંબઈના ખેલૈયા ગૃપના નૃત્ય સ્વાગત સાથે પૂજ્યપાદ દીક્ષા દાનેશ્વરી ગુરૂદેવ શ્રીનો મંગલ પ્રવેશ થયો મંગલાચરણ બાદ પ્રવચન આપતા જૈનાચાર્ય શ્રી ગુણરત્ન સુરીશ્વરજી મ.સા. એ કહ્યુ કે જન્મ જન્માંતરનું પૂણ્ય ભેગુ થાય ત્યારે ચારિત્ર લેવાનું મન થાય જૈન સાધુઓની ચર્યા કઠોર છે. બધાને ખબર છે. સીમમાં ખેતર નહી ગામમાં મકાન નહી અને બજારમાં દુકાન નહી રૂપ અને રૂપીયાથી નારી અને નગદથીદુર રહી લોચ વિહાર આદી કષ્ટમય જીવન જીવવાનું મોટર ગાડી મોબાઈલ ઈન્ટરનેટ આદી તમામ સુખ સુવિધાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરી મોક્ષ મેળવવા કષ્ટમય સંયમ સાધના કરવી જરૂરી છે.

આચાર્ય વિજય રત્નસુરિજી આચાર્ય રશ્મિરત્ન સુરીજી મુનિ. દિક્ષિત રત્ન વિજય મુનિ કૃપા યશ રત્ન વિજયજી મુનિશ્રી ભવ્ય રત્નવિજયજી મ.સા. પણ પ્રવચન આપેલશ્રી સંઘ તરફથી બંને મુમુક્ષુઓનું બહુમાન થયુ.

મુમુક્ષુ પુજાએ મુમુક્ષુ મોક્ષાલીએ કહ્યુ કે ભગવાન આદિનાથને બંને દીકરીઓ બ્રાહ્મીઓને સુંદરીએ સંયમનો માર્ગ સ્વીકાર્યો તેમ અમે બંને બહેનો પ્રભુવીરના પંથે જઈએ છીએ જન્મ આપનારી મા બધાને મળે પણ સંસ્કાર આપનારી અને સંયમ અપાવનારી આર્ય રક્ષિત મા જેવી અમારી મા કોક ને મળે છે. અમે ધન્ય છીએ.

# નેકારીયા ગામની સીમમાંથી સ્વીફ્ટ કાર અને ડમ્પરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## રૂા. ૧૭,૭૩, ૪૦૦ ના મુદ્દામાલ સાથે એકની અટકાયત : બે ફરાર



ડીસા

કાંકરેજ તાલુકાના નેકારીયા ગામની સીમમાંથી થરા પોલીસે સ્વીફ્ટ કાર અને ડમ્પરમાંથી રૂા. ૫,૭૨,૮૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર તથા ડમ્પર સહિત રૂા. ૧૭,૭૩,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક ઈસમની અટકાયત કરી હતી. જ્યારે બે ઈસમો ફરાર થઈ ગયા હતા.

થરા પી.એસ.આઈ. એ.કે.ભરવાડા સહિતના સ્ટાફના માણસો ગઈકાલે વાહન ચેકીંગમાં હતા. તે દરમિયાન મળેલ ખાનગી બાતમીના આધારે નેકારીયા ગામની સીમમાં વોચ ગોઠવી હતી. જે સમયે મુકેશસિંહ વનરાજસિંહ વાઘેલા રહે. વડા (ભાવાણી પાટી) તા. કાંકરેજવાળાને તેની સ્વીફ્ટ કાર સાથે ઝડપી લઈ તપાસ હાથ ધરી હતી. જ્યારે ડમ્પર નં.જીજે-૮ ઝેડ- ૮૯૫ ને અટકાવતા તેનો ડ્રાઈવર તથા અન્ય એક ઈસમ ફરાર થઈ ગયો હતો. પોલીસે બન્ને વાહનોમાંથી રૂા. ૫,૭૨,૮૦૦ નો ૫૨૨૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આમ રૂા. ૫,૦૦,૦૦૦ ની સ્વીફ્ટ કાર, રૂા. ૭,૦૦,૦૦૦ નું ડમ્પર તથા વિદેશી દારૂ મળી કુલ રૂા. ૧૭,૭૩,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## તંત્રી સ્થાનેથી ...

### ગુસ્સાના ઝાડ પર નફરતના ફળ જ આવે

# આર્થિક સુધારા બાબતે ભારત ટોપટેનમાં સામેલ

વર્લ્ડ બેંકે નક્કી કરેલા ૧૦ ઈન્ડિકેટર્સ પૈકી ૮ માં સુધારા સાથે ભારતે ટોચના ૧૦ સુધારાવાદી રાષ્ટ્રોમાં સ્થાન મેળવ્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે એકમાત્ર ભારતે જ આ નોંધપાત્ર સિધ્ધિ મેળવી છે. અને નોંધાવી છે. બિઝનેસ શરૂ કરવા માટે, કાર્યવાહીમાં ઘટાડો અને સમયમર્યાદામાં ઘટાડાની બાબતમાં ભારતે સૌથી વધુ- ઝડપી સુધારા કર્યા છે.

ઉપરાંત બિલ્ડીંગ પરમિશન, સરળ ક્રેડિટ સુવિધા, નાના રોકાણકારોના હિતોનું રક્ષણ, ટેક્સ ચુકવણીમાં સરળતા, સિમાડા સિવાયની વેપાર સુવિધા, ઈન્સોલવન્સીમાં સરળતા જેવા સુધારાઓમાં પણ ભારતે સારી એવી પહેલ કરી છે. વર્લ્ડ બેંકે પોતાના અહેવાલમાં આ બાબત નોંધી છે. રવાન્ડા અને જોર્જિયા જેવા નાના દેશોમાં પણ એક જ વારમાં આટલો મોટો સુધારો જોવા મળેલ છે. પરંતુ મોટી અર્થવ્યવસ્થામાં આવું કરનારો ભારત સૌપ્રથમ દેશ છે.

વર્લ્ડ બેંકે નોંધ્યું છે કે ભારત છેલ્લા બે વર્ષમાં સંખ્યાબંધ મોટા પગલાં ભર્યા છે. અને તેના પરિણામ હવે જોવા મળી રહ્યા છે. તેમ છતાં પણ દેશમાં વિપક્ષો દ્વારા સરકારની નીતિનો જે વિરોધ થઈ રહ્યો છે. તે બરાબર નથી. સંસદમાં પણ ક્યારેક વ્યાપાર ધંધા બાબતે જે હંગામો થાય છે તે પણ યોગ્ય જણાતું નથી. વર્લ્ડ બેંક દ્વારા જે અહેવાલ પ્રસિદ્ધ થયો છે. તેને સત્તાવારી પક્ષે આ અહેવાલને વધાવી લેવો જોઈએ તેવું દેશના અર્થશાસ્ત્રીઓનું માનવું છે.

આર્થિક સુધારા બાબતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લીધેલા પગલાના પરિણામે દેશના ધંધાકીય એકમોને સારો એવો ફાયદો થયો છે. ૨૦૧૪ માં ભારત ૧૪૨ માં ક્રમે હતું અને બે વર્ષ પહેલા ૧૩૦ મા ક્રમે હતું.

વર્તમાન સંજોગોમાં ભારતમાં હજુ કોર્ટ કાર્યવાહી ખુબ જ ધીમી ગતિએ ચાલે છે. પેન્ડીંગ કેસોનું ત્વરિત નિવારણ થવું જોઈએ. પ્રોપર્ટી ખરીદવાનું અને રજિસ્ટ્રેશન કરાવવાનું સરળ કરવું જોઈએ. આ બાબતનો કોન્ટ્રાક્ટ પુરો કરવામાં ૧૪૪૫ દિવસ લાગે છે. તેવું એક અહેવાલમાં જણાવેલ છે.

નાણાંકીય વર્ષની પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની અંદર સરકારે જાહેર કરેલા ખર્ચમાં વધારો કરતાં દેશની રાજકોષીય બજેટ અંદાજના ૯૧.૩ ટકાએ પહોંચી હતી. રાજકોષીય ખાદ્ય એ ખર્ચ અને આવક વચ્ચેનો તફાવત કહેવાય છે. જે ૧૯૧૭-૧૮ ના એપ્રિલ- સપ્ટેમ્બરના સમયગાળામાં રૂા. ૪.૯૯ લાખ કરોડ સ્તરે હતી. એવું કોમ્પટ્રોલર જનરલ ઓફ અકાઉન્ટસના ડેટા દર્શાવે છે.

કહેવાય છે કે બિઝનેસ કરવા માટે ન્યુઝીલેન્ડ સૌથી સરળ સ્થળ છે. તે પછીના ક્રમે સિંગાપુર, ડેન્માર્ક, સાઉથ કોરિયા અને હોંગકોંગનો નંબર આવે છે. યુએસ અને યુકે અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે આવે છે. જ્યારે બ્રિક્સ દેશોમાં રશિયા ૩૫ માં સ્થાને છે. ચીન ૭૮ માં ક્રમ સાથે આગળ છે. વ્યવસાય શરૂ કરવામાં કોન્ટ્રાકટ અમલીકરણમાં, બાંધકામ પરમિશનમાં સુધારાની હજી જરૂર છે.

જેમ કે નવો બિઝનેસ શરૂ કરવા માટે ૧૫ વર્ષ અગાઉ ૧૨૭ દિવસ લાગતા હતા. જે હવે માત્ર ૩૦ દિવસ જ લાગે છે. તેમાં ઘટાડો કરીને ૧૨ દિવસ થાય તેવા પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. જો કે મોદી સરકાર આર્થિક સુધારા તરફ વધુ ધ્યાન આપશે તો વિશ્વ સ્તરે ભારતની નામના થશે તેવું વિશ્વ બેંકનું માનવું છે.

## કેરિયરના લીધે વરૂણ ધવન ગર્લફ્રેન્ડથી હાલમાં દુર થયો

મુંબઈ

બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલા અને યુવા પેઢીમાં લોકપ્રિયતા મેળવી રહેલા વરૂણ ધવને હવે કેરિયર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. મળેલી માહિતી મુજબ કેરિયરના કારણે તે હાલમાં પોતાની ગર્લફ્રેન્ડથી પણ દુર થઇ ગયો છે. બોલિવુડમાં પહેલા પ્રેમ, ડેટિંગ અને બ્રેક અપના હેવાલ સામાન્ય રીતે આવતા રહે છે. કલાકારો વચ્ચે ફિલ્મ દરમિયાન પ્રેમના હેવાલ સતત મિડિયામાં પ્રકાશિત થતા રહે છે. હવે મિડિયા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વરૂણઅને તેની ગર્લફ્રેન્ડ વચ્ચે તમામ બાબતો સારી રીતે આગળ વધી રહી નથી. વરૂણ ધવનની ગર્લફ્રેન્ડ ફેશન ડિઝાઈનર તરીકે છે.

### આત્મચિંતન

## પોતાના સ્વભાવ પર વિજય મેળવો

એ વાત ધ્યાનમાં રાખવાની છે કે બાહ્ય વસ્તુઓ આપણને અખંડ અને ચિરસ્થાયી શાંતિ આપી શકતી નથી. તેનાથી બુધ્ધિ અને જ્ઞાનમાં વૃધ્ધિ થતી નથી. જે શરીર પાપથી લદાયેલું છે તેને પૌષ્ટીક પદાર્થો અને શક્તિદાયક ઔષધિઓથી હાનિ જ થશે. જેવી રીતે સાપને દુધનું પાન કરાવવાથી તેનામાં વિષ જ વૃદ્ધિ થાય છે તે રીતે ચારિત્ર્ય ભ્રષ્ટ અથવા અશુદ્ધ વિચાર ધરાવતા મનુષ્ય માટે પૌષ્ટીક પદાર્થ તેની પાપવાસનાની વૃધ્ધિનું જ કારણ બને છે. બુદ્ધિમાન પુરૂષ સારી રીતે સમજે છે કે જ્યાં સુધી આપણે મન પર વિજય મેળવ્યો નથી ત્યાં સુધી સંસારમાં આપણી સદૈવ હાર થાય છે. પોતાના પાડોશીઓના અધિકારોને છીનવી લેવામાં અથવા નિર્બળ પુરૂષને ધક્કા મારવામાં આપણો કોઈ વિજય નથી. આપણો વિજય વાસ્તવમાં તેમના સ્વતત્વોનું રક્ષણ કરવામાં અને નિર્બળો તથા દુઃખીઓને સહાયતા કરવામાં છે. જ્યારે મનુષ્ય પોતાના સ્વભાવ પર વિજય મેળવી લે છે ત્યારે તેને બાહ્ય પરીસ્થિતિને અનુકુળ બનવામાં વધારે પરિશ્રમ કરવો પડતો નથી. તે પરિસ્થિતિ આપોઆપ સુધરતી જાય છે. આવા મનુષ્યને સુખ અને શાંતિ આપોઆપ પ્રાપ્ત થાય છે અને અંતરાત્માની પ્રસન્નતાથી દૈવી શક્તિ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય પોતાના મન પર શાસન કરી શકે છે આપણું કર્તવ્ય એ છે કે આપણે પોતાના સ્વભાવને પરીસ્થિતિને અનુકુળ બનાવીએ.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એરિસ્ટ્રોક્રેટે ૨૦૧૭ ડીએમએ ઈન્ટરનેશનલ ઈકો એવોર્ડ્સમાં બ્રોન્ઝ જીત્યો

એરિસ્ટ્રોક્રેટ, એશિયાના સૌથી વિશાળ સામાન ઉત્પાદક વી.આઇ.પી. ઉદ્યોગોએ ન્યુયોર્કમાં તાજેતરમાં યોજાયેલ ૨૦૧૭ ડીએમએ ઈકો ઈન્ટરનેશનલ એવોર્ડ્સમાં બ્રોન્ઝ જીત્યો. આ બ્રાન્ડે પોતાના અભિયાન 'અનપેક યોર ડ્રીમ્સ'માં આર્ટીફિશિઅલ ઈન્ટેલિજેન્સનો ઉપયોગ કરવા બદલ બ્રોન્ઝ જીત્યો. ભારતીય ક્રિકેટર આર.અશ્વિન અને રોહિત શર્માની આગેવાની હેઠળ આ અભિયાન કરવામાં આવ્યું હતું.

ડીએમએ ઈકો એવોર્ડ્સને સૌથી જુના અને સૌથી આદરણીય પ્રતિભાવ સાથે ઈન્ટરનેશનલ માર્કેટીંગ કેલેન્ડરમાં સ્થાન આપવામાં આવ્યું. ડેટા એન્ડ માર્કેટીંગ એસોશિએશન (ડીએમએ) ઈકો એવોર્ડ્સ ૨૦૧૭, આ વર્ષે ન્યુયોર્કમાં યોજવામાં આવ્યો હતો જેમાં ૨૪૦ જજોની પેનલ, ઈન્ટરનેશનલ ડેટા એન્ડ માર્કેટીંગના સમુદાયો, સમગ્ર માર્કેટીંગ ઈકોસિસ્ટમમાં ત્રણ સખત રાઉન્ડ હતાં. જેમાં ૩૧ જુદી જુદી કેટેગરીનો સમાવેશ થાય છે.

## ફેરફિલ્ડ બાય મેરિઓટ દ્વારા તેની ૩૦મી એનિવર્સરીની ઉજવણી



ફેરફિલ્ડ બાય મેરિઓટ ફેરફિલ્ડ બાય મેરિઓટ, મેરિઓટ ઈન્ટરનેશનલની દ્વિતિય વિશાળ બ્રાન્ડ, પોતાની બ્રાન્ડના વારસાને માન આપીને પોતાની ૩૦મી એનિવર્સરીની ઉજવણી કરે છે.નવી બ્રાન્ડ ડિઝાઈનોનું અનાવરણ કરીને અને રીષ્ટ્રીય ભાગીદારી શરૂ કરીને માનવતા માટેના આવાાસ સાથેના તેના સંબંધને વિસ્તૃત કરવા માટે એક વૈશ્વિક સામાજિક જવાબદારી સાથે આ પહેલ શરૂ કરી છે.

૨૬મી ઓક્ટોબરે, હોટેલે, ફેરફિલ્ડ બાય મેરિઓટ-કાઠમાંડુ સાથે ભાગીદારી કરી અને આંતરરાષ્ટ્રીય પ્રેસના સભ્યોએ નેપાળમા કાવરેમાં સ્થાનિક પરિવારના સભ્યો માટે ઘર બનાવવા માટે કામ કર્યું હતું. કાવરે- નેપાળનો આ વિસ્તાર રાજધાની શહેરથી ૩૩ કિમી. દૂર આવેલ છે, જેમાં ૨૦૧૫માં ભૂકંપ આવેલ હતો.

રેલી ટુ સર્વિસ પહેલના ભાગરૂપે, પોતાની બ્રાન્ડની ૩૦મી વર્ષગાંઠની ઉજવણી માટે ફેરફિલ્ડ બાય મેરિઓટ વિશ્વભરની ફેરફિલ્ડ હોટેલ ટીમ સાથે જોડાઈ.

જેનિસ મિલ્હામ, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને ગ્લોબલ બ્રાન્ડ લીડર, ક્લાસિક સિલેક્ટ બ્રાન્ડ એ જણાવ્યું હતું કે, આ વર્ષે ફેરફિલ્ડ બાય મેરિઓટે ઝડપી વૃદ્ધિ પ્રાપ્ત કરેલ હોવા છતાં, બ્રાઝિલ, ચીન અને નેપાળ જેવાં નવા બજારોમાં વૃદ્ધિ મેળવવા માટેની યોજનાનું ઘડતર ૩૦ વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું.

## ફાય ઈન્ડિયા એન્ડ હાયઃ યુબીએમ ઈન્ડિયા દ્વારા ખાદ્ય અને આરોગ્ય સંબંધી પ્રદર્શન

ખાદ્ય અને આરોગ્ય ઉદ્યોગ માટે ભારતીય ઉપખંડમાં યુબીએમ ઈન્ડિયાનો સૌથી મોટો બીટુબી શો ફાય ઈન્ડિયા એન્ડ હાય ટ્રેડ શો મુંબઈ, ભારતના બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં ગુરુવાર, ૯મી નવેમ્બર શનિવારથી ૧૧મી નવેમ્બર, ૨૦૧૭ સુધી યોજાશે. ફાય ઈન્ડિયા એન્ડ હાય ઉદ્યોગને ઉચ્ચ ગુણવત્તાની સામગ્રીઓ સ્રોત કરવાનો, ઉદ્યોગના વ્યાવસાયિકો સાથે રૂબરૂ થવાનો, નવા ઉદ્યોગના પ્રવાહો અને નાવીન્યતા શીખવાનો અને બજાર હિસ્સો વધારવાનો મોકો આપશે. પ્રદર્શન હવે ભારતનાં બે અજોડ સ્થળો એવા આશાસ્પદ ખાદ્ય કેન્દ્રો, એટલે કે, મુંબઈ અને નવી દિલ્હી વચ્ચે ફરતો રહેશે. આ વર્ષે પ્રદર્શનમાં ૨૫૦ પ્રદર્શન કારીઓ ભાગ લેશે, જેમાંથી ૫૫ પ્રથમ વાર ભાગ લઈ રહ્યા છે, જ્યારે ૪૮ આરોગ્ય સામગ્રીના અવકાશ માંથી જ છે.

## ઝી સિનેમા, કોમેડી ડ્રામા ડેરિંગબાઝ ૩નું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિઅર દર્શાવે છે

આધુનિક વળાંક સાથેનું ક્લાસિક વર્ણન, ડેરિંગબાઝ ૩ એક એવી ફિલ્મ છે જે માત્ર એને ડિલિવર કરવા સાથે જ દર્શકોની પ્રશંસા મેળવી ગઈ! શ્રીનુ વાઈટલા દ્વારા દિગ્દર્શિત અને લક્ષ્મી નરસિમ્હા પ્રોડકશન્સ દ્વારા નિર્મિત, ડેરિંગબાઝ ૩ સુપરહિટ તેલુગુ ફિલ્મની ડબ થયેલી આવૃત્તિ છે! વરુણ તેજ, હીબા પટેલ અને લાવણ્યા ત્રિપાઠીને મુખ્ય ભૂમિકાઓમાં ચમકાવતી ડેરિંગબાઝ ધ પ્રેમ અને લાગણીઓમાંથી ઉત્પન્ન થતી ઘણી બધી સમસ્યાઓની આસપાસ ઘૂમે છે . ખુમિજાજ ક્ષણો, આનંદદાયક રોમાંસ અને મુક્ત–વિચરણ કરતી લાગણીઓ સાથે ડેરિંગબાઝ ૩ તમામને માટે જોવા જેવી છે. અને હોમ ઓફ બ્લોકબસ્ટર્સ, ઝી સિનેમા, શુક્રવાર, ૩ નવેમ્બર, ૨૦૧૭ના રોજ રાત્રે ૮ કલાકે ડેરિંગ બાઝ ૩નું પ્રીમિયર કરશે. એવી કઇ સમસ્યા છે જે મીરાને આટલી બેબાકળી કરી મૂકે છે? અને, કેવી રીતે જય ચંદ્રમુખી અને મીરા વચ્ચે પસંદગી કરશે? આ પ્રશ્નોના જવાબ બાકીની કહાણીમાં છે! ડેરિંગબાઝ ૩ જોવા માટે જોડાયેલા રહો શુક્રવાર, ૩ નવેમ્બર, ૨૦૧૭ના રોજ રાત્રે ૮ કલાકે ફક્ત ઝી સિનેમા પર

### હોટ ઈશા ગુપ્તા તમિળ અને તેલુગુ ફિલ્મમાં પણ દેખાશે

મુંબઈ

બોલિવુડમાં સેક્સ સિમ્બોલ તરીકે વધારે જાણીતી રહેલી અભિનેત્રી ઈશા ગુપ્તા હવે હિન્દીની સાથે સાથે દક્ષિણ ભારતની ફિલ્મોમાં પણ કામ કરવાની ઈચ્છા ધરાવે છે. તેની પાસે કેટલાક પ્રોજેક્ટ પણ હાથમાં આવ્યા છે.જો કે તે હાલમાં વિગત આપવા માટે તૈયાર નથી. તે મલ્ટી સ્ટાર ફિલ્મોને લઇને પણ પરેશાન નથી. તેનુ કહેવુ છે કે તે પોતાની ભૂમિકાને ન્યાય આપવા માટે પ્રયાસ કરે છે. તેના હાલમાં જ જારી કરવામાં આવેલા સેક્સી ફોટાને લઈને ફરી ચર્ચામાં છે. તેની પાસે હવે હિન્દીની સાથે સાથે તમિળ અને તેલુગુ ફિલ્મ પણ આવી રહી છે.

## ડાન્સ કા અસલી ID, D.I.D



પોતાના વૈવિધ્યપૂર્ણ હોમગ્રોન નોન–ફિક્શન ફોર્મેટસ મારફત સ્ટાર્સ રચવાના પોતાના મજબૂત વારસા વડે, ઝી ટીવી ઈન્ડિયાના સૌથી મોટા ડાન્સ રિઆલિટી શો, ડાન્સ ઈન્ડિયા ડાન્સની તાજેતરની સીઝન સાથે હોડને વધુ ઉપર લઈ જવા સુસજ્જ છે. ડાન્સ ઈન્ડિયા ડાન્સ સીઝન ૬ મારફત ઈન્ડિયાના પ્રમુખ ડાન્સ ચેમ્પીઅન્સ બનવાની પ્રતિસ્પર્ધીઓની મુસાફરી ૪ નવેમ્બરના શરૂ થઈ દર શનિવાર અને રવિવાર રાત્રે ૯ કલાકે ઝી ટીવી પર દર્શાવવામાં આવશે.

સીઝનની દરેક એકશન–પેકડ, ડાન્સ –લોડેડ સીઝનની જેમ જ, સીઝન ૬ પણ #AllAboutDance હોવાની ખાતરી છે. જો કે, આ વખતે નવી હોય તેવી પ્રતિભા માત્ર જ નથી! જયાં લીજેન્ડરી મિથુન ચક્રવર્તી શોનો પડઘો પાડનાર ગ્રાન્ડ માસ્ટર તરીકે પાછા ફરી રહેલ છે, તો ફ્રૈંઢ પરીવારની અગાઉની સીઝન નોના ભાગ એવા મરઝી પેસ્તનજી અને મુદસ્સર ખાનની સાથો–સાથ સીઝન જાણિતી ડાન્સર–કોરિયોગ્રાફર મિની પ્રધાનના પદાર્પણનું પણ ચિહ્ન બને છે.

## પ્રદુષણ સામે તમારી આંખોને રક્ષણ આપે છે, ઓઝોન આઈટીઆઈએસ પ્લસ કેર

આપણાં શહેરમાં વધતાં જતાં પ્રદુષણ સાથે, તેને નાબુદ કરવા માટે કેટલાક પગલાં લેવા અનિવાર્ય છે. પ્રદુષણ પાર્યાવરણનો દુષિત કરે છે અને આંખો પર તેની અસર સૌથી વધું થાય છે. ઔધ્યોગિક કાર્યશાળાઓ અને અને વાહનો પ્ર દુષિત ગેસને બહાર કાઢે છે. તેના કારણે આંખોમાં ચેપનું પ્રમાણ વધે છે.





આ નવા આઈ-ડ્રોપ પોલી હર્બલ ફોર્મ્યુલેશન અને પોલીમરનું અનોખું મિશ્રણ છે. Hydroxy Propyl Methyl Cellulose (HPMC) આંખની સપાટી પર કામ કરે છે, જે આંખની પેશીઓને કોઈ હાનિકારક અસર વિના, લાંબા સમય સુધી ટકી રહેવાની તક આપે છે.

૧૧ મૂલ્યવાન આયુર્વેદિક વનસ્પતિઓ તમારા આંખને તંદુરસ્ત રાખે છે. HPMC આંખની તંદુરસ્તીને પ્રોત્સાહન આપે છે.

## હ્યોગો,જાપાનનું ૪૫ સભ્યોનું પ્રતિનિધિ મંડળ શુભેચ્છા મુલાકાત

### દ્વિપક્ષી સહયોગ માટે અમદાવાદની ૩ દિવસની મુલાકાતે



હ્યોગો,જાપાનનું શુભેચ્છા ડેલીગેશન હ્યોગો પ્રીફેક્ચરના ગવર્નર શ્રી તોશીઝો ઈડોની આગેવાની હેઠળ ગુજરાતની મુલાકાતે આવ્યું છે. ૪૫ સભ્યોના આ પ્રતિનિધી મંડળમાં હ્યોગો પ્રીફેક્ચર એસેમ્બલીના સભ્યો, હ્યોગો સરકારના અધિકારીઓ, હ્યોગો-કોબે બિઝનેસ કોમ્યુનિટી, કોબે સીટી ગવર્નમેન્ટ અને કોબે સીટી એસેમ્બલીના ટોચના સભ્યોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે વિશ્વ પ્રસિધ્ધ પરંપરાગત જાપાનીઝ નેરેટીવ પપેટ શો દ્વારા જાણીતા આવાજી નિંગ્યો જોરૂરી દ્વારા જે.બી. ઓડિટોરિયમ , એએમએ ખાતે તા. ૩૧ ઓકટોબરના રોજ એક પપેટ થિયેટર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જેની રજૂઆત પ્રસિધ્ધ પપેટીયર શીકો યોશીડા આવાજી નિંગયો ઝા દ્વારા કરવામાં આવશે. એએમએ, ઈન્ડેક્સટી બી અને ત્નઈઈ દ્વારા સંયુક્તપણે તા. ૧ નવેમ્બરના રોજ હ્યોગો-કોબે સેમિનારનું આયોજન એચ.ટી. પારેખ કનેવન્શન સેન્ટર, એએમએ ખાતે કરવામાં આવ્યું છે.

## હવે અદિતી રાવ રણવીરની પત્નિ તરીકે દેખાશે : રિપોર્ટ

મુંબઈ

છેલ્લા કેટલાક દિવસોથી સંજય લીલાની નવી ફિલ્મ પદ્માવતિને લઈને ચર્ચા છે. આ ફિલ્મમાં ટુંકી ભૂમિકા કરી રહેલી આશાસ્પદ સ્ટાર અભિનેત્રી અદિતી રાવ હૈદરીએ કહ્યુ છે કે તેની ટુંકી ભૂમિકા હોવા છતાં તે તેની છાપ ચાહકોના દિલોમિમાંગ પર છોડશે. તે ટુંકી ભૂમિકાને લઈને પણ આશાવાદી છે. ફિલ્મને લઈને રાહ જોઈ રહી છે. પોતાની છેલ્લી ફિલ્મ બાજીરાવ મસ્તાનીની રેકોર્ડ સફળતા બાદ હવે સંજય લીલા પદ્માવતિ નામની ફિલ્મ બનાવી રહ્યા છે. જેમાં ટાઈટલ રોલમાં દિપિકા નજરે પડાનાર છે. જ્યારે રણવીર સિંહની પત્નિ તરીકે ફિલ્મમાં હવે અદિતી રાવ મુખ્ય ભૂમિકા અદા કરી રહી છે. સંજય લીલા ફરી એકવાર ઈતિહાસને ધ્યાનમા લઈને ફિલ્મ બનાવી રહ્યા છે. દિલ્હીના સુલ્તાન અલાઉદ્દીન ખિલજીની ભૂમિકામાં રણવીરસિંહ અદા કરી રહ્યો છે. દિપિકા પદ્માવતિની ભૂમિકામાં છે. જ્યારે શાહિદ કપુર ચિત્તોડગઢના મહારાજા રાવલ રતનસિંહની ભૂમિકામાં છે. રામલીલા અને બાજીરાવ મસ્તાની બાદ સતત ત્રીજી ફિલ્મ બની રહી છે જેમાં રણવીર અને દિપિકાની જોડી ચમકી રહી છે.

## ગુજરાતમાં ચાલતા બાગાયત ડીપ્લોમા (પોલીટેકનીક) અભ્યાસક્રમ

શિક્ષણ એ માનવ સંશાધન વિકાસ માટેનું સર્વોત્તમ સાધન છે. શિક્ષણ દ્વારા જ સર્વાંગી વિકાસ શક્ય છે. કૃષિ ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ અતિ આવશ્યક અંગ છે. ભારત એક કૃષિ પ્રધાન દેશ છે જેમાં ૭૦ ટકા લોકો ખેતી ઉપર આધારિત છે. ખેડૂતોનું જીવનધોરણ ઉચ્ચું લાવવા માટે તથા આર્થિક રીતે સ્વનિર્ભર કરવા માટે કૃષિ આધારિત શિક્ષણ એ એક માત્ર ઉકેલ છે. તદઉપરાંત કૃષિ આધારિત ઉધોગોનો વિકાસ પણ ઝડપથી થઈ રહેલ છે જેમાં પણ શિક્ષણની તાતી જરૂરિયાત છે.

આપણા રાજયની ૭૦ ટકા થી વધુ વસ્તી કૃષિ અને તેને સંલગ્ન વ્યવસાયો સાથે સંકળાયેલ છે. રાજયમાં બજારલક્ષી કૃષિનો વ્યાપ વધતો જાય છે. પરિણામે રાજયની કૃષિ વિકાસ દર આપણા દેશ અને અન્ય રાજયો કરતાં વધારે છે. બદલાતા જતા હવામાનની પરીપેક્ષમાં બાગાયતી પાકો અન્ય પાકો કરતાં વધુ આવક આપતાં હોવાથી આ પાકોનો વ્યાપ દિન - પ્રતિદિન વધતો જાય છે. ત્યારે આ વિકાસ દર ઉત્તરોત્તર વધે અને રાજયમાં કૃષિ વિકાસને ટકાવી રાખવા માટે રાજયના યુવક - યુવતિઓને ખાસ કરીને બાગયાયત પાકોની અદ્યતન વૈજ્ઞાનિક પધ્ધતિની જાણકારી મળે અને શિક્ષણ મેળવે તે અત્યંત જરૂરી છે.

અભ્યાસ કરી ગ્રામ્ય કક્ષાએ સેવાઓ આપી શકે તેવા કાર્યકરો તૈયાર કરવા માટે ધોરણ ૧૦ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે બાગાયત ડિપ્લોમા (પોલીટેકનીક) ગુજરાત રાજયમાં કુલ પાંચ જગ્યાએ કાર્યરત છે. બાગાયત ડિપ્લોમા કુલ ત્રણ વર્ષ (છ સેમસ્ટર) નો અભ્યાસક્રમ છે અને તેની પ્રવેશ ક્ષમતા દરેક કોલેજની ૩૫ ની છે.

નીચેના સ્થળોએ બાગાયત ડિપ્લોમાં (પોલીટેકનીક) કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કાર્યરત છે.

૧. સ.દાં.કૃષિ યુનિવર્સિટી દ્વારા શેઠ બી.આર.બાગાયત પોલીટેકનીક કોલેજ, જગુદણ (જી.મહેસાણા)

૨. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા શેઠ ડી.એમ.પોલીટેકનીક, વડોદરા

૩. નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા નવસારી

૪. નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પરીયા જી.વલસાડ

૫. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા જુનાગઢ

બાગાયત ડિપ્લોમા (પોલીટેકનીક) માં બાગાયતી પાકો જેવા કે ફળઝાડ મરી મસાલા, શાકભાજી, ફુલો, સુગંધીત પાકો અને ઔષધિય પાકો વગેરેની ખેતી, નર્સરી, ગાર્ડનીંગ એન્ડ લેન્ડ સ્કેપીંગ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, રક્ષિત ખેતી, ઓર્ગેનિક ખેતી ફાર્મ મશીનરી, જમીન સંરક્ષણ, બાગાયતી પાકોનું મૂલ્યવર્ધન અને બીઝનેસ મેનેજમેન્ટ જેવા વિષયો અંગે જ્ઞાન આપવામાં આવે છે. આ કેન્દ્ર પર વિદ્યાર્થીઓના અભ્યાસના ભાગરૂપે શાકભાજી (ડુંગળી, રીંગણ, મરચી) મરી - મસાલા (વરીયાળી), ફળ પાકો (પૈપયા) નો ધરુ ઉછેર, ફુલ પાકો અને બાગાયતી પાકોના રોપા પણ તૈયાર કરવામાં આવે છે. જેનો વેચાણ સ્થાનિક કક્ષાએ વહેલા તે પહેલાના ધોરણે કિફાયતી દામે કરવામાં આવે છે.

તેમજ બાગાયત ડિપ્લોમા (પોલીટેકનીક) નો અભ્યાસ પૂર્ણ કરનારને મેરીટ અને લેખિત પ્રવેશ પરીક્ષાના આધારે બાગાયત મહાવિદ્યાલયના ડીગ્રી કોર્ષમાં બીજા વર્ષમાં એડમીશનનો લાભ પણ મળે છે.

બાગાયત પોલીટેકનીકના વિદ્યાર્થીઓને કૃષિ યુનિવર્સિટીઓમાં, બાગાયત ખાતામાં તેમજ નેશનલ હોર્ટી-કલ્ચર મિશનમા બાગાયત મદદનીશ તેમજ સહકારી સંસ્થાઓમાં તાલુકા સંઘ, જિલ્લાસંઘ તેમજ નોન ગર્વમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ઈરીગેશન ઈન્ડસ્ટ્રીઝ, બેન્કો અને નર્સરી, ગાર્ડન ડેલલ્પમેન્ટ ડીપાર્ટમેન્ટ, એગ્રો ઈન્ડસ્ટ્રી, એગ્રો પ્રોસેસીંગ ઈન્સેકટી સાઈડ, પેસ્ટી સાઈડ, સીડ, ફર્ટીલાઈઝર જેવી માકેટીંગ કંપનીઓમાં તેમજ પ્રાઈવેટ ફાર્મમા નોકરીની વિપુલ તકો રહેલી છે અને પોતાના ફાર્મ ઉપર ઉધોગ સ્થાપી શકે છે. તેમજ પોતાના ફાર્મનું પણ ડેવલપમેન્ટ કરી શકે છે અને સારી એવી આવક મેળવી શકે છે.

સદર અભ્યાસક્રમની વધુ માહિતી www.poly.gsauca.in વેબસાઈટ પર મળશે.

**ડો..એ.યુ.અમીન ઈ/ચા આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ**
**બાગાયત મહાવિદ્યાલય**
**સ.દાં. કૃષિ યુનિવર્સિટી , જગુદણ**

## સંઘર્ષ ક્યારેય પૂરો થતો નથીઃ સના ખાન

ઘણી બધી જાહેરાતોમાં કામ કર્યા બાદ સના ખાને દક્ષિણ ભારતમાં લગભગ ૧૫ જેટલી ફિલ્મોમાં અભિનય કરીને ખૂબ જ પ્રશંસા મેળવી. 'હલ્લાબોલ' ફિલ્મમાં નાનકડું પાત્ર ભજવીને તે બોલિવૂડ સુધી પહોંચી. ત્યારબાદ 'બિગ બોસ', 'જય હો' અને વિશાલ પંડ્યાની ફિલ્મ 'વજહ તુમ હો'. આ ફિલ્મમાં સનાએ બોલ્ડ પાત્ર ભજવ્યું. તે કહે છે કે મેં જે પાત્ર ભજવ્યું હતું તે મારી રિયલ લાઇફથી એકદમ વિપરીત હતું. હું વાસ્તવિક જિંદગીમાં જે છું તેના કરતાં વિપરીત પાત્ર ભજવવું મારા માટે એક મોટો પડકાર હતો, પરંતુ મને ચેલેન્જિંગ રોલ મળ્યો. આગળ પણ એવા રોલ મળશે તો હું તેને કરવામાંથી ક્યારેય પાછી નહીં હટું. મને રોમેન્ટિક, એક્શન અને થ્રિલર ફિલ્મો ખૂબ જ પસંદ છે, પરંતુ ફિલ્મ સાઇન કરતી વખતે હું સૌથી પહેલાં બેનર જોઉં છું. ત્યારબાદ ફિલ્મના ડિરેક્ટર, સ્ક્રિપ્ટ અને પછી સ્ટાર કાસ્ટ જોઉં છું. સના કહે છે કે એક કલાકારનો સંઘર્ષ ક્યારેય પૂરો થતો નથી. સફળતા મેળવવા માટે દરેક ફિલ્મમાં કંઇક નવું કરવું પડે છે અને તે માટે સંઘર્ષ કરવો પડે છે. સંઘર્ષનું સ્વરૂપ બદલાય છે. અન્ય અભિનેત્રીઓની જેમ સનાને પણ કાસ્ટિંગ કાઉચનો સામનો કરવો પડ્યો. તે કહે છે કે હું મુંબઇથી છું, પરંતુ શરૂઆતમાં ખૂબ જ સંઘર્ષ રહ્યો, કેમ કે ત્યારે તમને કોઇ પણ વસ્તુની જાણ હોતી નથી અને લોકો તેનો ફાયદો ઉઠાવે છે. મારી સામે એવા ઘણા લોકો આવ્યા, જેમણે ફિલ્મમાં કામ કરવા મારી સામે અજીબ શરત રાખી. હું ક્યારેક વિચારું છું કે શું તે લોકોએ પોતાનો ચહેરો અરીસામાં જોયો નહીં હોય. 'જય હો' ફિલ્મથી સનાની કરિયરને કોઇ ફાયદો ન થયો. તે કહે છે કે સારો ફાયદો ન થયો અને ખરાબ પણ ન થયો, પરંતુ ફિલ્મ સાથે જોડાયેલા લોકોએ કહ્યું કે ફિલ્મમાં ડેઝીના બદલે સનાને અભિનેત્રી તરીકે લેવી જોઇતી હતી. આ વાત મારા માટે મોટી ઉપલબ્ધિ હતી.

CMYK

મનોરંજનનો રસ થાળ બાટે છે

# સિને-સરિતા

ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

## દિયા મિર્જા યુથ પર ડ્રામા ફિલ્મ બનાવવા ઈચ્છુક



અભિનેત્રી અને ફિલ્મ નિર્માત્રી દિયા મિર્ઝા સંજય દત્તની લાઈફ પરની ફિલ્મ દત્તમાં કામ કર્યા બાદ ફિલ્મ નિર્માણમાં વધારે તાકાત સાથે ઉતરનાર છે. દિયા હવે એક રોમેન્ટિક ફિલ્મ બનાવવા જઈ રહી છે. દિયા મિર્જા અને તેના પતિ સાહિલ સંઘા બોર્ન ફ્રી એન્ટરટેઈનમેન્ટના પાર્ટનર તરીકે રહ્યા છે. આ બેનર હેઠળ પહેલા પણ ફિલ્મો બનાવવામાં આવી ચુકી છે. આ પહેલા આ બેનર હેઠળ લવ બ્રેક અપ જિન્દગી બનાવવામાં આવી હતી. ત્યારબાદ બોબી જાસુસ નામની ફિલ્મ બનાવવામાં આવી હતી. હવે તેમની યોજના નવી ફિલ્મ બનાવવા માટેની છે. આ ફિલ્મ રોમેન્ટિક ડ્રામાં ફિલ્મ છે. દિયા મિર્જાએ કહ્યુ છે કે હાલમાં રોમેન્ટિક ફિલ્મોનો દોરચાલી રહ્યો છે

અનુસંધાન પાના નં.૬ ઉપર



## બોલિવુડમાં ફિટ છે કે કેમ તેને લઈને ચિંતા કરતી નથી : કલ્કી



**ઓન ધ સ્ક્રીન**

બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી ચુકેલી અભિનેત્રી કલ્કી કોચલિને કહ્યુ છે કે તે આ બાબતની ચિંતા કરતી નતી કે બોલિવુડમાં તે ફિટ બેસે છે કે કેમ પરંતુ તે બોલિવુડ ફિલ્મોમાં સ્થાન જમાવી લેવામાં સફળ રહી છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ ઈન્ડ્સ્ટ્રીઝમાં તેને કામ મળી રહ્યુ છે તે તેના માટે ખુબ સારી બાબત છે. સ્પર્ધા હોવા છતાં કલ્કી બોલિવુડમાં સ્થાન જમાવી લેવામાં સફળ પુરવાર થઈ છે. કેટલાક પુરૂષો સાથે તેના સંબંધની ચર્ચા પણ સતત રહી છે. તેનુ કહેવુ છે કે તે કોઈ ફિલ્મની રચનાત્મક પ્રક્રિયાને પ્રેમ કરે છે. આમાં જ ખુશી મળે છે. એક ઈન્ટરવ્યુમાં હાલમાં કલ્કીએ કહ્યુ હતુ કે તે ભારતીય સિનેમા તેની જગ્યા બનાવી ચુકી છે અને હવે વધારે તકલીફ આવી રહી નથી. તેનુ કહેવુ છે કે તેને કેટલી પાર્ટીમાં બોલાવવામાં આવી અને કેટલી પાર્ટીમાં ગઈ તેની તેને ચિંતા નથી. તેને માત્ર કામ પસંદ છે. પોતાની ભૂમિકાને ન્યાય આપવા માટે તે સતત પ્રયાસ કરે છે. કલ્કી બોલિવુડમાં દેવ ડી , દેટ ગર્લ ઈન યલો બુટ્સ અને માર્ગારેટ વિધ ધ સ્ટ્રા જેવી ફિલ્મોમાં કામ કરી ચુકી છે. કલ્કી અન્ય અભિનેત્રીઓની પ્રશંસા કરવા માટે પણ જાણીતી રહી છે. જ્યારે કલ્કીની ફિલ્મ વેટિંગ અને રાધિકા આપ્ટેની ફિલ્મ ફોબિયા બોક્સ ઓફિસ પર આવી ત્યારે કલ્કીએ રાધિકાની ભારે પ્રશંસા કરી હતી. કલ્કી હાલમાં રિબન-૩ નામની ફિલ્મમાં કામ કરી રહી છે જે નવેમ્બર મહિનામાં રજૂ કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. આ ફિલ્મ હાલના કાર્યક્રમ મનુજબ ત્રીજી નવેમ્બરના દિવસે રજૂ કરવામાં આવી શકે છે.

## સુપરહીટ માતા અને ચરિત્ર અભિનેત્રી 'રાખી'

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

બોલીવુડમાં રાખી એ એક એવી અભિનેત્રીની છાપ ઉભી કરી હતી જે ૭૦ અને ૮૦ ના દાયકામાં પોતાના રૂમાની અંદાજ અને ભાવપુર્ણ અભિનય દ્વારા સીનેપ્રેમીને દિવાના બનાવ્યા હતા. રાખીનું મુળ નામ રાખી મઝમુદાર હતું એનો જન્મ ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના રાણાઘાટ ગામમાં થયો હતો. રાખીએ પોતાની પ્રારંભિક શિક્ષા સ્થાનીય શાળામાં પુરી કરી હતી. એક અભિનેત્રી તરીકે પોતાની ફિલ્મી કેરીયરની શરૂઆત વર્ષ ૧૯૬૭ માં પ્રદર્શિત બાંગ્લા ફિલ્મ 'વધુ વરણ' થી કરી હતી.



આ સમય દરમ્યાન રાખીની મુલાકાત નિર્માતા નિર્દેશક સુનીલદત્ત સાથે થઈ. જેમણે એમની પ્રતીભા ઓળખીને પોતાની નવી ફિલ્મ 'રેશ્મા ઓર શેરા' માં કાર્ય કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો. જો કે ફિલ્મના નિર્માણમાં મોડું થતાં રાખીની ફિલ્મ 'જીવન મૃત્યુ પહેલાં પ્રદર્શિત થઈ. રાજશ્રી પ્રોડકશનના બેનર હેઠળ બનેલ ફિલ્મ 'જીવન મૃત્યુ' માં રાખીની ભૂમિકા નાયક ધર્મેન્દ્ર સાથે હતી. પારિવારિક પૃષ્ઠભૂમિ પર બનેલ આ ફિલ્મ ટીકીટ બારી પર સુપરહીટ સાબીત થઈ હતી. આ ફિલ્મમાં રાખી પર ફિલ્માવેલ ગીત ઝીલ મીલ સીતારોં કા આંગન હોગા.. આજે પણ પ્રેક્ષકોના મનમાં રાજ કરે છે.. ફિલ્મ અને ગીતની સફળતા બાદ રાખીએ હિંદી ફિલ્મોમાં પોતાની એક અલગ ઓળખ બનાવી લીધી અને હિંદી ફિલ્મોમાં સફળતાની સીડી ચઢવા લાગી. ૧૯૭૧ ના વર્ષમાં રાખીએ પોતાની ફિલ્મ કેરીયરની એક બીજી સુપરહીટ ફિલ્મ 'શર્મીલી' પ્રદર્શિત થઈ. આ ફિલ્મમાં રાખીએ ડબલ રોલ, બે જોડકાં બહેનોની ભૂમિકા ભજવી હતી. જેમાં એક અભિનેત્રીમાં ગ્રે શેડસની આંખોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોતાની શરૂઆતની કેરીયરમાં ગ્રે શેડસ વાળી ભૂમિકા નિભાવવી કોઈપણ નવી અભિનેત્રીને માટે જોખમભર્યું કામ હોઈ શકે છે પરંતુ રાખીએ આ એક પડકાર સમો અભિનય ભજવીને સમીક્ષકોની સાથે પ્રેક્ષકોના દિલ પણ જીતી લીધા હતા.

આ ફિલ્મ પણ સુપરહિટ ફિલ્મ હતી.૧૯૭૬માં પ્રદર્શિત ફિલ્મ 'તપસ્યા'રાખી માટે ફિલ્મી કરિયરની મહત્વપૂર્ણ ફિલ્મોમાંથી એક હતી.રાજશ્રી પ્રોડક્શનના બેનર હેઠળ બનેલ આ પારિવારિક ફિલ્મમાં રાખીએ એક એવી યુવતીનો રોલ કર્યો હતો જે પોતાના પરિવારને માટે જીવનભર લગ્ન નહી કરવાનો ફેંસલો લે છે.અને પોતાનું દાયિત્વ નિભાવે છે.અભિનયમાં એકરૂપતા થી બચવા અને સ્વયંને ચરિત્ર અભિનેત્રીના રૂપમાં સ્થાપિત કરવાને માટે રાખીએ પોતાને અનેક વિવિધ ભૂમિકાઓમાં રજૂ કરી.૧૯૮૦ માં પ્રદર્શિત પ્રકાશ મહેરાની ફિલ્મ લાવારિસમાં અને રમેશ સીપ્પી ફિલ્મ 'શક્તિ' માં તે ફિલ્મી અભિનેતા અમિતાભ બચ્ચનની માનો રોલ ભજવ્યો હતો.જો કે આ પહેલા રાખીએ અમિતાભ સાથે એક અભિનેત્રીના રૂપમાં અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું.લાવારિસ ફિલ્મમાં રાખી પર ફિલ્માવાળા આવેલ ગીત મેરે આંગને મે તુમ્હારા ક્યા કામ હૈ...આજે પણ શ્રોતાની વચ્ચે ખુબ જ લોકપ્રિય છે.૯૦ના દાશકમાં રાખીએ કેટલીક ફિલ્મોમાં માંનો રોલ ભજવ્યો હતો.આ ફિલ્મોમાં 'રામલખન' જીવન એક સંઘર્ષ' પ્રતિકાર,સૌગંધ,ખલનાયક, અનાડી, બાજીગર,કરણ અર્જુન,સોલ્જર જેવી ફિલ્મો ખાસ ઉલ્લેખનીય રહી હતી. ફિલ્મ રામ લખનમાં પોતાના સશક્તિ અભિનયનના કારણે રાખીને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર પ્રાપ્ત થયો.હતો.૧૯૯૩ના વર્ષમાં પ્રદર્શિત ફિલ્મ 'રૂદાલી' રાખીની મહત્વપુર્ણ ફિલ્મોની એક છે.રાજસ્થાનની પૃષ્ઠભૂમિ પર બનેલ આ ફિલ્મમાં રાખીએ એક એવી યુવતીની ભૂમિકા ભજવી હતી. જે કોઈના મોત પછી રડવાની ભૂમિકા ભજવીને પોતાનું ભરણ પોષણ કરે છે.જો કે આ ફિલ્મ ટીકિટ બારી પર અસફળ બની અનુસંધાન પાના નં.૬ ઉપર




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★ ચીડીયાઘર સાહિત્ય સંખ્યાબંધ શોમાં જોવા મળેલી ખુબસુરત અદાકારા શફાક હંમેશાથી તેના ચર્બી અને બબલી લુક માટે જાણીતી છે પણ હવે તેણે તેના પ્રશંસકોને આશ્ચર્યનો આંચકો આપ્યો છે. છેલ્લા છ વર્ષથી ટચુકડા પડદે કામ કરતી આ ગોળમટોળ અદાકારાએ હમણાંતેના કામમાંથી બ્રેક લીધો છે. શફાકે કહ્યું હતું કે, ટીવી શોઝમાં કામ કરતી વખતે પોતાની જાત પર કામ કરવાનો સમય જ નથી મળતો. તેથી મેં હમણાં મારા કામમાંથી બ્રેક લઈને મારો લુક બદલવાનો નિર્ણય કર્યો. દરમીયાન ચોક્કસ ડાયટ અને વર્કઆઉટનું ચુસ્તપણે પાલન કરીને મેં બે મહીનામાં મારૂં વજન ૧૩ કીલો જેટલું ઘટાડયું અને મારામાં આવેલો બદલાવ મને પોતાને બહુ જ ગમી ગયો છે.

★બહુ હમારી રજનીકાંતા દ્વારા ટચુકડા પડદાના દર્શકો ભારે લોકપ્રીયતા મેળવનાર અભિનેત્રી રીધીમા પંડીત હમણાં કોમેડી શો ડ્રામા કંપનીમાં જોવા મળી રહી છે. આ શોમાં એક વખત રવિના ટંડન આવી હતી ત્યારે દર્શકોને રિધીમા અને રવિનાના સંબંધની જાણ થઈ હતી. વાસ્તવમાં રીધીમાએ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ દરમિયાન રવિના ટંડનની મેનેજર તરીકે કામ કર્યું હતું અને તેની ખુબસુરતી તેમજ અભિનય પ્રત્યેની ચાહત જોઈને રવિનાએ ઘણા ફિલ્મ સર્જકોને તેના નામની ભલામણ પણ કરી હતી. જો કે તેને બહુ હમારી રજનીકાંતામાં તક મળતાં જ રિધીમાએ ભરપુર લોકચાહના મેળવી હતી. તાજેતરમાં રવીના ડ્રામા કંપનીમાં આવી હતી ત્યારે રિધીમાએ તેની સમક્ષ તેના જ ગીત પર પરફોર્મ કરીને રવિનાનું સન્માન કર્યું હતું.

★આરંભના તબક્કામાં ઘણી સીરીયલોમાં કામ કર્યા પછી અભીનેતા હ્ત્વિક ધનંજાનીએ સંચાલન ક્ષેત્રે ઝંપલાવ્યું. છેલ્લાં ઘણાં સમયથી તે વિવિધ શોનું સંચાલન કરતો જોવા મળી રહ્યો છે. હમણાં તે સુપ્રિમ ડાન્સરનું એન્કરીંગ કરી રહ્યો છે. જો કે એવું નથી કે તેને અભીનય નથી કરવો. હ્ત્વિકે કહ્યું હતું કે મનગમતો શો ન મળતાં મેં સંચાલન ક્ષેત્રને વહાલું કર્યું. આમ છતાં મારી અભિનય ક્ષમતા ઝાંખી ન પડી જાય તેથી મેં એક એકટીંગ ટીચર રાખ્યાં છે. અને જ્યારે સમય મળે ત્યારે હું તેમની પાસેથી અભીનય શીખતો રહું છું. ખરૂં કહું તો મને અભિનયની ખોટ સાલે છે અને હવે મને ગમતી સીરીયલ મળશે તો હું ફરીથી તેમાં અભિનય કરીશ..

## અથિયા લાંબી ઈનિગ્સ રમવા માટે ઈચ્છુક બની



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ,તા. ૬

રોમેન્ટિક કોમેડી ફિલ્મ મુબારકાને બોક્સ ઓફિસ પર સફળતા મળતા સેક્સી અથિયા શેટ્ટી હવે બોલિવુડમાં લાંબી ઈનિગ્સ રમવા માટે ઈચ્છુક છે. આશાસ્પદ સ્ટાર અને વિતેલા વર્ષોના લોકપ્રિય સ્ટાર સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટીનુ કહેવુ છે કે તે આગામી સમયમાં એક્શન ફિલ્મમાં કામ કરવા માટે તૈયાર છે. હાલમાં રજૂ થયેલ નવી એડમાં તે એક બાઈકમાં નજરે પડી રહી છે. વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતામાં સામેલ રહેલા સુનિલ શેટ્ટીની પુત્રી અથિયા શેટ્ટી પાસે હાલમા કોઈ મોટી ફિલ્મ આવી રહી નથી. અથિયા મુબારકામાં પીઢ અભિનેતા અનિલ કપુર, અર્જૂન કપુર અને ઈલિયાના ડી ક્રુઝની સાથે નજરે પડી હતી. અનીસ બાજમી દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હાલમાં ધુમ મચાવી રહી છે. અનિલ કપુર લાંબા સમય બાદ ફિલ્મમાં નજરે પડ્યો હતો. આ ફિલ્મ ૨૮મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવી હતી ત્યારબાદથી ફિલ્મને સફળતા મળી હતી. સુનિલ શેટ્ટીની પુત્રી અથિયાએ નિખિલ અડવાણી દ્વારા નિર્દેશિત રોમેન્ટિક એક્શન ફિલ્મ હિરો સાથે બોલિવુડમાં પ્રવેશી હતી. વર્ષ ૨૦૧૫માં આ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ફિલ્મમાં અભિનેત્રી તરીકે અથિયાની સાથે અભિંનેતા તરીકે ફિલ્મમાં સુરજ પંચોલીએ ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મ પીઢ ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈની વર્ષ ૧૯૮૩માં આવેલી ફિલ્મની રિમેક હતી.

વિતેલા વર્ષોની હિરો ફિલ્મમાં અભિનેતા તરીકેની ભૂમિકામાં જેકી શ્રોફે ભૂમિકા અદા કરી હતી. અથિયાએ વિગત આપતા કહ્યુ છે કે એક કલાકાર હમેંશા કઈંક કઈંકને શિખે છે. તેમાં કુશળતા શિખવાની હોવી જોઈએ. દરેક બાબત પર તે વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

## ટાઈગર જિન્દા હેને ૨૨મી ડિસેમ્બરે રજૂ કરવા તૈયારી




**ઓન ધ સ્કીન**

બોલિવુડમાં સુલતાન તરીકે જાણીતા અને હાલમાં સૌથી સફળ અભિનેતા તરીકેની છાપ ધરાવનાર સલમાન ખાનની ટાઈગર જિન્દા હે ફિલ્મના શુટિંગને ઝડપથી આગળ વધારી દેવામાં આવ્યુ છે. આ ફિલ્મને હવે નિર્ધારિત સમય એટલે કે ૨મી ડિસેમ્બરના દિવસે જ રજૂ કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. ફિલ્મના મોટા ભાગના હિસ્સાનુ શુટિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યુ છે. આ ફિલ્મમાં સલમાન ખાનની સાથે કેટરીના કેફની જોરદાર કેમિસ્ટ્રી જોવા મળનાર છે. ટ્યુબલાઈટના શુટિંગને પૂર્ણ કરી લેવાયા બાદ ટાઈગર જિન્દા હેનુ શુટિંગ શરૂ કરવામાં આવ્યુ હતુ. સલમાન રેમો ડિસુઝાની ફિલ્મ ત્યારબાદ કરનાર છે. ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે સલમાન ખાન છ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર કેટરીના કેફ સાથે કામ કરવા જઈ રહ્યો છે. સલમાન ખાન અભિનિત ટાઈગર જિન્દા હેનુ શુટિંગ ચાલી રહ્યુ છે. આ ફિલ્મ કેટલાક કારણોસર ચર્ચામાં છે. કારણ કે ફિલ્મમાં તેની સાથે ખુબસુરત કેટરીના કેફ કામ કરી રહી છે. બન્નેની જોડીને જોવા માટે ચાહકો ભારે ઉત્સુક છે. સલમાન ખાન દ્વારા કેટરીના કેફ સાથે તેનો ફોટો રજૂ કર્યો છે. ચાહકો માટે સારા સમાચાર છે કે ફિલ્મમાં ભરપુર એક્શન સીન ઉમેરી દેવામાં આવ્યા છે. યશરાજની ફિલ્મ એક્શનની સાથે સાથે રોમાન્સથી ભરપુર રહેશે. અલી અબ્બાસ જફરની ફિલ્મની પટકથા લખી લેવામાં આવ્યા બાદ હવે શુટિંગ પૂર્ણ થવા આવ્યુ છે. અનુસંધાન પાના નં.૬ ઉપર

## ગોલમાલમાં કરીના કપુર હવે વાપસી કરશે : અજય



**સીને**

અજય દેવગન, અરશદ વારસી, તુષાર કપુર અને પરિણિતી ચોપડા અભિનિત ગોમાલ અગેઈન ફિલ્મને શાનદાર ઓપનિંગ મળ્યા બાદ તમામ કલાકારો ભારે ખુશ દેખાઈ રહ્યા છે. રોહિત શેટ્ટીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ તમામ વર્ગના લોકોને પસંદ પડી રહી છે. શાનદાર ઓપનિંગ મળ્યા બાદ હવે સાબિતી મળી ગઈ છે કે ફિલ્મનો પાંચમો હિસ્સો પણ બનાવવામાં આવનાર છે. અજય દેવગને વાતચીત દરમિયાન કહ્યુ છે કે આગામી ગોલમાલ સિરિઝ ફિલ્મમાં કરીના કપુર ફરી વાપસી કરનાર છે. અજય દેવગને માહિતી આપતા કહ્યુ છે કે કરીના કપુરની નવી ફિલ્મમાં વાપસી થઈ શકે છે. બીજી બાજુ નિર્દેશિત રોહિત શેટ્ટીએ કહ્યુ છે કે કરીના કપુરની સાથે તે ચોક્કસપણે કામ કરનાર છે. પરંતુ કરીના કપુરની ગોલમાલમાં વાપસી અને અન્ય બાબતો પર તમામ ચિત્ર સ્પષ્ટ થયા બાદ નક્કી કરવામાં આવનાર છે. અજય દેવગન પહેલા પણ કરીના કપુરની સાથે કેટલીક ફિલ્મોમાં કામ કરી ચુક્યો છે. અજયે કહ્યુ છે કે તે કરીના જેવી શાનદાર કો સ્ટારને મિસ કરી ચુક્યો છે. કરીના જેવી સ્ટારને તે પોતે જ નહી બલ્કે અન્ય તમામ કલાકારો પણ મિસ કરે છે. અજય દેવગન કહે છે કે ફિલ્મની પટકથા તમામ લોકોને પસંદ પડ્યા બાદ આ શાનદાર ફિલ્મ બનાવાઈ છે. તબ્બુ અને પરિણિતી પણ શાનદાર રોલ ફિલ્મમાં કરી ગઈ છે. તુષાર કપુરનુ કહેવુ છે કે તે કરીનાને મિસ કરી રહ્યો નથી કારણ કે તે દરરોજ એ વખતે તેને મળે છે. તેનો પુત્ર લક્ષ્ય અને કરીનાનો પુત્ર તેમુર એક સાથે જ રમે છે. કરીના કપુર હવે બોલિવુડમાં ફરી એક નવી ઈનિગ્સ રમવા જઈ રહી છે. તે પોતાની નવી ફિલ્મોને લઈને શુટિંગ શરૂ કરી ચુકી છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## સોનાક્ષી સિંહા હવે પોલીસની ભૂમિકામા ચમકશે



બોલિવુડમાં દબંગ સ્ટાર સોનાક્ષી સિંહા હવે નિખિલ અડવાણીની ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકા કરતી નજરે પડનાર છે. ફિલ્મ પર કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. અભય ચોપડાની ફિલ્મ માટે અન્ય કલાકારોની પસંદગી કરવાની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. યશ ચોપડા દ્વારા નિર્દેશિત વર્ષ ૧૯૬૯ની હત્યા રહસ્ય સાથે સંબંધિત ફિલ્મ ઈત્તેફાકની રિમેક ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. ફિલ્મમાં સોનાક્ષીની ભૂમિકા છે. ફિલ્મમાં સિદ્ધાર્થ મલહોત્રા અને અક્ષય ખન્ના પણ કામ કરી રહ્યા છે. સોનાક્ષી હોમમેકર માયાની ભૂમિકામાં છે. વિક્રમની સાથે મળીને માયાની પટકથા જોડી દેવામાં આવી છે. બન્ને પર હત્યા માટે શંકા રહે છે. અક્ષય ખન્ના પણ ફિલ્મમાં પોલીસ ઓફિસરની ભૂમિકામાં છે. એકબાજુ સોનાક્ષી ઈત્તેફાકમાં હત્યાના શકમંદની ભૂમિકા અદા કરી રહી છે ત્યારે હવે નિખિલની ફિલ્મમાં પોલીસ અધિકારીની ભૂમિકા કરશે. હવે જાણવા મળ્યુ છે કે નિખિલ અડવાણીની ફિલ્મ સ્નોમાં તે પોલીસ અધિકારીની ભૂમિકા કરનાર છે. આ ફિલ્મનુ નિર્દેશન રણજીત તિવારી કરી રહ્યા છે. અનુસંધાન પાના નં.૬ ઉપર

## રિશિ કપુરની ફિલ્મમાં હવે અનિરૂધ તવરની પસંદગી



લીના યાદવની આગામી ફિલ્મ પર કામગીરી શરૂ કરવામાં આવી ચુકી છે. આ ફિલ્મમાં રિશિ કપુર મુખ્ય અભિનેતા તરીકે નજરે પડનાર છે. દિલ્હીમાં સાતમી નવેમ્બરના દિવસે ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવનાર છે. આ પિલ્મ માટે હવે અનિરૂદ્ધ તવંર અને અમીરા દસ્તુરની પણ પસંદગી કરવામાં આવી છે. આ બન્ને ફિલ્મમાં પ્રથમ વખત એક સાથે કામ કરી રહ્યા છે. દિલ્હીમાં થોડાક દિવસ સુધી શુટિંગ ચાલનાર છે. આ ફિલ્મની પટકથા પિતા અને પુત્રની પટકથા છે. ડિસેમ્બરના અંત સુધી ફિલ્મના શુટિંગને પૂર્ણ કરવામાં આવનાર છે. ફિલ્મમાં પિતા અને પુત્ર વચ્ચે જનરેશન ગેપને લઈને લડાઈ રજૂ કરવામાં આવી છે. જે આધુનિક સમયમાં દરેક ઘરમાં જોવા મળી રહી છે. આધુનિક સમયમાં માતા પિતા બાળકોથી અલગ થઈ રહ્યા છે. ફિલ્મમાં અનિરુદ્ધ બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યો છે.અનુસંધાન પાના નં.૬ ઉપર

CMYK

## પાલનપુરમાંથી ...

પાના નં .૧ ચાલુ

નાણાં મેળવતા હતા. અમેરિકાના નાગરિકોને કોલ અને એસ.એમ.એસ. કરી લૉન અપાવવાની લાલચ આપી તેઓની પાસે થી ર થી ૩ હજાર ડોલર મંગાવતા હતા. દર મહીને ૨૦ થી ૩૦ હજાર ડોલર ની કમાણી કરતાં હતા. પકડાયેલા તમામ આરોપીઓમાંથી કેટલાક લોકો અગાઉ કોલ સેન્ટર સાથે જોડાયેલા હતા. આ તમામ આરોપીઓ અમદાવાદ સહીત અન્ય રાજયના લોકો પણ છે. ત્યારે પોલીસે આ તમામ આરોપીઓની ધરપકડ કરી તપાસ હાથ ધરી હોવાનું બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરએ જણાવ્યું હતું.

ઉત્તર ગુજરાતમાં આંતર રાષ્ટ્રીય કોલ સેન્ટર ઝડપાયું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ત્યારે પોલીસે ઝીણવટભરી તપાસ હાથધરી છે. ત્યારે જોવાનું એ રહેશે કે આખરે પોલીસ તપાસમાં આ કોલ સેન્ટર મામલે વધુ શું બહાર આવે છે તે જોવું રહ્યું.

## જય શાહ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

મેનેજીંગ એડિટર મોનોબીના ગુપ્તા, પબ્લીક એડિટર પામેલા ફિલિપોઝનો સમાવેશ થાય છે. નીચલી કોર્ટમાં આ કેસની સુનાવણી તા.૧૩ નવેમ્બરે મુકરર કરાઇ છે. બીજીબાજુ, ન્યુઝ પોર્ટલના જવાબદારો તરફથી નીચલી કોર્ટના સમન્સના હુકમને પડકારતી અને તેમની વિરૂધ્ધ જય શાહ દ્વારા દાખલ કરાયેલી આ ફરિયાદ રદબાતલ ઠરાવવા દાદ માંગતી કવોશીંગ પિટિશન હાઇકોર્ટમાં કરાઇ છે. જેમાં એવી દલીલ રજૂ કરાઇ હતી કે, અરજદારો દ્વારા તેમના ન્યુઝ પોર્ટલ પર જય શાહ અંગે પ્રસિધ્ધ કરાયેલ આર્ટિકલ હકીકત અને પબ્લીક ડોકયુમેન્ટ્સ આધારિત છે અને તેથી તેમાં બદનક્ષી જેવું કંઇ નથી. અરજદારપક્ષ દ્વારા જય શાહનો જવાબ પણ લેવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ તેમણે બહુ પ્રતિસાદ આપ્યો ન હતો. અરજદારોએ જાહેર દસ્તાવેજો અને પ્રાપ્ત માહિતીના આધારે જ આર્ટિકલ પ્રસિધ્ધ કર્યો છે, તેમાં કોઇ બદઇરાદો કે અદાવત જેવું કશું નથી. તેમણે ન્યુઝની રીતે જ આર્ટિકલ પ્રસિધ્ધ કર્યો છે. આ સંજોગોમાં તેઓની વિરૂધ્ધ દાખલ થયેલી ફરિયાદ અને તેને આનુષંગિક કાર્યવાહી ગેરકાયદે અને અયોગ્ય ઠરે છે. અગાઉ જય શાહે તેની ફરિયાદમાં આક્ષેપ કર્યા હતા કે, આરોપીપક્ષે તેમના ન્યુઝ પોર્ટલ પર ફરિયાદી અને તેમની સાથે જોડાયેલા અન્ય મહાનુભાવોની છબી ખરડાય તે પ્રકારે બિલકુલ ખોટી હકીકતો સાથેનો આર્ટિકલ પ્રસિધ્ધ કર્યો છે. એક જ વર્ષમાં કરોડો રૂપિયાના ટર્નઓવર વધી જવાની બાબતે જય શાહની કંપનીઓ અને તેમની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ અને શંકા આર્ટિકલમાં ઉઠાવાયા હતા. એટલું જ નહી, પોર્ટલના જવાબદારો દ્વારા ફરિયાદીને તા.૬-૧૦-૧૭ના રોજ મોડી રાત્રે એક વાગ્યે મેઈલ પર દસ પ્રશ્નોત્તરી મોકલી જવાબ માંગવામાં આવે છે અને બાર કલાકમાં જવાબ ન અપાય તો લેખ છાપી કાઢવાની ધમકી અપાઇ હતી. ન્યુઝ પોર્ટલના આર્ટિકલમાં જય શાહની ટેમ્પલ એન્ટરપ્રાઇઝ પ્રા.લિ કંપની અને તેના બીઝનેસમાં નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ અણધાર્યો ઉછાળો જોવા મળ્યો હોવાની અને કંપનીનું ટર્ન ઓવર એક જ વર્ષમાં રૂ.૫૦ હજારથી રૂ.૮૦ કરોડ સુધી પહોંચ્યુ હોવાની હકીકતો પ્રગટ કરવામાં આવી હતી. વાસ્તવમાં ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને લઇ બદઆશયથી આ લેખ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. ચૂંટણીમાં આ મુદ્દાને ઉછાળવાના બદઇરાદા સાથે આર્ટિકલ પ્રસિધ્ધ કરાયો છે અને તેમાં પ્રથમદર્શનીય રીતે બદનક્ષીનો કેસ પ્રસ્થાપિત થાય છે. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ સંબંધિત કલમો હેઠળ ટ્રાયલ ચલાવી સખત નશ્યત કરવામાં આવે અને સીઆરપીસીની કલમ-૩૫૭ હેઠળ યોગ્ય હુકમ કરવામાં આવે એવી અદાલત સમક્ષ દાદ મંગાઇ હતી.

## બુલેટ ટ્રેન...

અનુસંધાન ૨ નુ ચાલુ..

છેલ્લા ત્રિમાસિક ગાળામાં જ તેને આ રૂટ પર ૩૦ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ છે. એટલે કે ૧૦ કરોડ રૂપિયા દરેક મહિનામાં નુકસાનમાં છે. વર્તમાન રેલ નેટવર્ક નુકસાનમાં ચાલવાના કારણે બુલેટ ટ્રેનને લઇને પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. ગલગલીએ કહ્યુ છે કે આ રૂટ પર પહેલાથી જ ભારે નુકસાન છે. ભારત સરકાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇને ખુબ ઉત્સાહિત છે. એક લાખ કરોડ રૂપિયાની મંજુરી આપી દેવામાં આવી છે. આ જંગી રકમ તેના પર ખર્ચ કરવામાં આવનાર છે. જો કે આ યોજના પર પહેલા જરૂરી હોમ વર્ક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. ભારતીય રેલવેએ આરટીઆઇના જવાબમાં કહ્યુ છે કે આ રૂટ પર તેની હાલમાં કોઇ નવી ટ્રેન દોડાવવાની યોજના નથી. પશ્ચિમ રેલવેએ કહ્યુ છે કે મુંબઇ અને અમદાવાદ વચ્ચે સેક્ટર પર ૪૦ ટા અને મુંબઇ-અમદાવાદ રૂટ પર ૪૪ ટકા સીટો ખાલી રહી જાય છે. અતિ મહત્વપૂર્ણ માહિતી હવે સપાટી પર આવી છે. મોદી સરકાર બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઇને ભારે આશાવાદી છે.

## બાપુ હત્યા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

એ વખતે જેએલ કપુર કમીશન ગાંધીજીના હત્યાના કારણોને શોધી કાઢવામાં નિષ્ફળ રહ્યુ હતુ. તેમણે કહ્યુ છે કે મહાત્મા ગાંધીની હત્યાના મામલે તપાસ ભારતીય ઇતિહાસની સૌથી નિષ્ફળ તપાસ તરીકે છે. અરજી કરનારે દલીલો કરી છે કે બાપુની હત્યા નાથુરામ ગોડસે દ્વારા રિવોલ્વરથી કરવામાં આવી હતી. તેમાં સાત ગોળીઓ હતી. ગાંધીને ત્રણ ગોળીઓ વાગી હતી. બાકીની ચાર ગોળીઓ હથિયારમાંથી પોલીસે કાઢી લઇને પોતાના કબજામાં લીધી હતી. ચોથી ગોળી અન્ય કોઇએ પણ ચલાવી હોવાની દલીલ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે ગાંધીને ચાર ગોળીઓ વાગી હતી. જેના કારણે તેમનુ મૃત્યુ થયુ હતુ.

આ દાવાને યોગ્ય સાબિત કરવા માટે અરજીમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેનાથી લાગે છે કે ગાંધીને ચાર ગોળીઓ વાગી હતી. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે ગાંધીની હત્યામાં ઉપયોગ કરવામા આવેલી રિવોલ્વરમાં સાત ગોળીઓ આવી શકતી હતી. ગાંધીને ચાર ગોળીઓ વાગી હતી અને ચાર જીવતા કારતુસ પણ મળ્યા હતા. જેનાથી સાબિત થાય છે કે બીજા કોઇ હથિયારથી પણ ગોળી ચલાવવામાં આવી હતી.

## મહાભારતનું ઉદાહરણ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મહાન યોધ્ધાઓ હતા, સામે પાંડવો પાસે કશું ન હતું. મોદીજી પાસે કેન્દ્રની દિલ્હી સરકાર છે, વિશાળ સત્તાઓ છે, ગુજરાતની સરકાર છે, ઉત્તરપ્રદેશની સરકાર છે, છત્તીસગઢની સરકાર છે, મહારાષ્ટ્રની સરકાર છે પરંતુ અમારી પાસે માત્ર સચ્ચાઇ છે(સત્યની તાકાત છે). અમારે બીજી કોઇ વાતની જરૂર નથી. આ સચ્ચાઇ દરેક આદિવાસી, ખેડૂત, મજૂર, દલિત, પાટીદાર, ગુજરાતીના દિલમાં છે અને આવનારી ચૂંટણીમાં આ સચ્ચાઇનો વિજય થશે. રાહુલ ગાંધીનું આ આધ્યાત્મિક રસમાં તરબોળ રાજકીય ઉદાહરણ સાંભળી વિશાળ જનમેદનીએ ચિચિયારીઓ પાડી, તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધુ હતું.

## એક્સિસ બેંક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

એકસીસ બેન્કની લો-ગાર્ડન શાખા દ્વારા ફ્રેંકીંગ મશીન ચાલુ હોવા છતાં મશીન બંધ હોવાનુ જણાવી નાની રકમનું ફ્રેંકીંગ કરી આપવાનો ઈન્કાર કરવામા આવતો હોવાની ફરિયાદ મળી હતી તે અંગે આકસ્મિક તપાસ કરવામા આવી હતી અને તપાસ દરમિયાન ખામી જણાતા બેન્કને કારણદર્શક નોટિસ આપવામા આવી હતી.બેન્ક દ્વારા પણ આ ખામીને કબૂલવામા આવતા નાગરિકોને પડતી અગવડને લીધે આ બેન્કનો ફ્રેંકીંગ મશીનનો પરવાનો રદ કરી ફ્રેંકીંગ મશીન પણ જપ્ત કરવામા આવ્યું છે.

## કાંકરેજના રતનગઢ..

પાના નં .૮ ચાલુ

તા.૧૮/૧૦/૨૦૧૭ ના રોજ જિલ્લા કલેક્ટર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જી.એલ.ડી.સી. અધિકારી, મામલતદાર કાંકરેજ, તાલુકા વિકસા અધિકારી (કાંકરેજ) ને રૂબરૂમાં આવેદનપત્ર આપેલ. પરંતુ આજદિન સુધી આ દોષિત વ્યક્તિઓ સામે કોઈ પગલા લેવાયેલ નથી કે લાગતા - વળગતા અધિકારીઓ દ્વારા ગામની મુલાકાત લઈ સત્યતા જાણી ન્યાય આપવાનો તંત્ર દ્વારા કોઈ પ્રયત્ન થયેલ નથી. જેના કારણે ગ્રામજનોમાં ખુબ જ રોષ વ્યાપેલ છે.

રોષે ભરાયેલા ગ્રામજનોએ પોતાને થયેલા અન્યાય સામે તેમજ તંત્રે દાખવેલી બેદરકારીના સંદર્ભે આગામી વિધાનસભાની ચૂંટણીનો જાહેરમાં વિરોધ દર્શાવ્યો છે. જો હજુ પણ તંત્ર નહીં જાગે તો ગામના ખેડુતો વિધાનસભાની ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## દાંતીવાડા ડેમમાંથી..

પાના નં .૮ ચાલુ

વાવેતરનો સમય થતા સિંચાઈ વિભાગ દ્વારા ડેમમાંથી નહેરો વાટે પાણી છોડવામાં આવ્યું છે. જેના કારણે ખુશખુશાલ ખેડુતો વાવેતરમાં પરોવાઈ ગયા છે. નહેરોમાં પાણી છોડાતા આ વખતે બનાસકાંઠા સહિત પાટણ જિલ્લામાં શિયાળુ વાવેતર વધવાની શક્યતા છે. પરંતુ દર વખતની જેમ આ વખતે પણ સિંચાઈ વિભાગ દ્વારા નહેરોની સફાઈ કે સમારકામ કર્યા વિના આડેધડ પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે પાલનપુર તાલુકાના સામઢી સહિત ઠેરઠેર નહેરોમાંથી પાણી ઉભરાઈને રસ્તાઓ થતા ખેતરોમાં વહી રહ્યું છે. અમુલ્ય પાણીના આ વેડફાટથી ખેડુતોમાં ઉહાપોહ સાથે આક્રોશ છવાયો છે.

## દાંતીવાડા સરદાર..

પાના નં .૮ ચાલુ

ઉપર બેસી પંકજ દવે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે હું ૨૮ વર્ષથી નોકરી કરતો હતો પરંતુ ફરજ પરના ડો.કૃણાલ મોદીએ મારા ખાનગી અહેવાલ ખોટી રીતે બગાડી દ્રિતિય પગાર ધોરણ જાણી જોઈ અટકાવી દીધું છે જેથી આજે ન્યાય અને હક મેળવવા સ્વામી વિવેકાનંદ બાગ ખાતે અચોક્કસ મુદ્દતના આમરણાંત ઉપવાસ ઉપર બેઠા છીએ. જ્યાં સુધી અમોને ન્યાય નહીં મળે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખીશું.

## ધાનેરાના સીલાસણા..

પાના નં .૮ ચાલુ

નામનો ભાગ્યેજ જોવા મળતો રોગ થયો હોવાનું જાણવા મળ્યું હતું.

આ બાબતે ડો.શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે સગીરાને જીબીએસ સિન્ડ્રોમ છે જેની ૫૦ ટકા રીકવરી થઈ ગઈ છે. ધનિષ્ઠ સારવારથી આ રોગ સંપૂર્ણ પણે મટી શકે છે. તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે સીલાસણા ગામમાં ડોર ટુ ડોર સરવે કરાયો છે. ગામમાં અન્ય કોઈ કેસ મળ્યો નથી. આ રોગ પોલીયો નથી જેથી અફવામાં આવી લોકોએ ગભરાવવાની જરૂર નથી.

## ડીસાના જુનાડીસાની..

પાના નં .૮ ચાલુ

ચુકેલી લાલીતાબેન ગત ૨૮ ઓક્ટોબરના રોજ તેના સાસરિયા ત્યાંથી રિસાઈને તેના પિયર આવી પહોંચી હતી. પરંતુ આ યુવતીના પતિવારજનોએ તેની જિંદગી બરબાદ ન થાય તે માટે રૂ.૨૫,૦૦૦ આપીને લલીતાને પરત તેના સાસરે મોકલી હતી. પરંતુ રોકડ રકમ લઈને જવા છતાં પણ તેના સસરિયાઓ દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાના લીધે તેણીએ એ મોતને વ્હાલું કર્યુ હતું. પરંતુ તેનું મોત આપઘાત કે હત્યા છે તે અંગે રહસ્ય છે.

પરણિત યુવતીના મોત અંગે તેની માતાએ ડીસા તાલુકા પોલીસ મથકમાં તેણીના પતિ જયેશ દેવીપૂજક અને સસરા પ્રહલાદભાઈ સામે લ મરવા માટે મજબૂર કરાઈ હોવાની આક્ષેપ કર્યો હતો

જેથી આ ઘટનાને પગલે ડીસા તાલુકા પોલીસે મૃતક મહિલાની લાશને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અત્યારે તો પોલીસે આઈ.પી.સી.ની કલમ ૩૦૬ મુજબ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. પરંતુ આ મહિલાએ આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરવામાં આવી છે તે તો હવે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ ખ્યાલ આવશે.

## શિયાળાની શરૂઆતમાં....

પાના નં .૮ ચાલુ

થતી નથી. જેના કારણે તમામ શિયાળુ શાકભાજીના ભાવ ઉંચા જોવા મળી રહ્યા છે. શિયાળુ ૠતુમાં શાકભાજીનું સૌથી વધુ વાવેતર થતુ હોય છે અને શિયાળામાં શાકભાજીની પણ સારી એવી આવક થતી હોય છે.પણ ચાલુ વર્ષે શાકભાજીના વાવેતરમાં ઘટાડો. હવામાનની વિષમ પરિસ્થિતિ જેવા અનેક પરિબળોના કારણે શિયાળુ ૠતુની શરૂઆતમાં શાકભાજીના ભાવમાં ભડકો થતાં ગૃહીણીઓ પણ પરેશાન થઈ ઉઠી છે. શિયાળામાં શાકભાજીનું વેચાણ પણ વધુ થાય છે. ત્યારે ભાવમાં વધારો થતા પ્રજાજનોની મુશ્કેલીમાં વધાોર થયો છે. ઘરના રસોડા સહિત હોટલ, ઢાબા વગરે સ્થળો પર શાકભાજીના ભાવમાં વધારાના પગલે શાકમાં પણ કઠોળ વગેરેનો ઉપયોગ વધી ગયો છે.

# અમેરિકી ડોલર સામે રૂપિયો ૬૪.૬૭ની સપાટીએ રહ્યો

મુંબઈ

બેંકો અને આયાતકારો તરફથી ડોલરની નવેસરની માંગ વચ્ચે રૂપિયો નબળો પડીને ૬૪.૬૭ની નીચી સપાટીએ પહોંચી ગયો છે. સ્થાનિક માર્કેટમાં મંદી અને રૂપિયાને લઇને દુવિધાની સ્થિતિ વચ્ચે ડોલર સામે રૂપિયામાં ઘટાડો થયો છે. આજે ઈન્ટરબેંક ફોરેન એક્સચેંજ માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૬૪.૫૩ની સપાટીએ ખુલ્યો હતો. ૩ પૈસા ઘટીને ૬૪.૬૨ની સપાટીએ બંધ થતાં પહેલા ડોલર સામે રૂપિયો ૬૪.૬૭ અને ૬૪.૫૭ની રેંજમાં રહ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરને યથાવત રાખવામાં આવ્યા છે. આની સાથે ડિસેમ્બરમાં વધારા માટેના સંકેત પણ દેખાઈ રહ્યા છે. યુએસ ડોલર સામે ઘટાડો થઇ ચુક્યો છે. રોકાણકારો પ્રોફિટ લેવાની કોશિશ કરી રહ્યા છે. બુધવારના દિવસે ધારણા પ્રમાણે જ યુએસ ફેડરલ દ્વારા વ્યાજદરોને યથાવત રાખવામાં આવ્યા હતા. આનો મતલબ એ થયો કે આગામી બેઠકમાં વ્યાજદરમાં ચોક્કસપણે વધારો કરવામાં આવશે.કરન્સી બ્રોડબાસ્કેટની સામે ડોલરમાં ૦.૨ ટકાનો ઘટાડો થતાં આંકડો ૯૪.૬૭ થયો છે. ગઇકાલે ડોલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો ઉછાળો નોંધાયો હતો. આની સાથે જ ડોલર સામે રૂપિયો એક મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. રૂપિયો ડોલર સામે ૬૪.૫૯ની સપાટીએ રહ્યો હતો. ડોલરના અભૂતપૂર્વ વેચાણ વચ્ચે આ સ્થિતિ સર્જાઈ હતી. શેરબજારમાં આજે ભારે ઉથલપાથલ જોવા મળી હતી. શરૂઆતમાં તેજી રહ્યા બાદ અંતિમ કલાકોમાં વેચવાલી જોવા મળી હતી. જેના કારણે સેંસેક્સ કારોબારના અંતે ૨૭ પોઈન્ટ ઘટીને ૩૩૫૭૩ની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. જ્યારે નિફટી ૧૬ પોઈન્ટ ઘટીને ૧૦૪૨૩ની સપાટી પર રહ્યો હતો. કારોબાર દરમિયાન બીએસઇ મિડકેપ અને સ્મોલ કેપમાં ૦.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં એકંદરે માર્કેટની સ્થિતી અંતે હકારાત્મકથી બદલાઈને નકારાત્મક થઇ ગઇ હતી.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૩૦૦**
રૂપુ કાચું ૩૯૫૦૦-૩૯૭૦૦
સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૦૦**
પામોલીન ૯૯૦
સોયા રીફાઈન ૧૨૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૨૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૪૭૦
સીગતેલ ૫ લી. ૪૭૫
તિરૂપતી કપા. ૧૨૦૦
૫ લીટર ૩૮૩
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૮૦૦-૨૯૦૦
૫ કે. કોપરેલ૯૬૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૭
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૬૦૦
મગદાળ નર્મદા સુપર ૬૨૦૦
નર્મદા મગ મોગર ૬૦૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૨૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૮૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૭૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૨૪૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૭૦૦-૮૦૦
ધાણા ૧૦૦૦-૧૨૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૭૦૦-૮૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૭૦૦-૮૦૦
ટામેટા ૧૧૦૦
ભીંડા ૪૦૦-૭૦૦
કોબી ૫૦૦-૬૦૦
વટાણા ૧૧૦૦-૧૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૯૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
ચોળી ૭૦૦-૮૦૦
તુરીયા ૨૦૦-૩૦૦
તુવેર ૯૦૦-૧૦૦૫

## ફિલ્મી સીતારા

અનુસંધાન ૫ નું ચાલુ

પરંતું પોતાના અભિનય દ્વારા પ્રેશકોના દિલ જીતી લીધા હતા.ફિલ્મી જગતના સોનેરી પડદા પર રાખી અમિતાભની જોડી સુપરહિટ સાબિત થઈ હતી.આ જોડી એ સૌ પ્રથમ વાર ૧૯૭૬માં પ્રદર્શિત ફિલ્મ ‘કભી કભી’ માં સામે આવી.ત્યારબાદ આ જોડી એ કસ્મેવાદે ,મુકદર કા સિંકદર,ત્રિશુલ, જુર્માના,કાલા પથ્થર,બરસાત કી એક રાત,બેમિસાલ, રિશ્તા, ધ બોન્ડ ઓફ લવમાં એક સાથે કામ કરીને પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતુ.

રાખીએ પોતાની ફિલ્મી કરિયરમાં ફિલ્મ ફેયર નો એવોર્ડ ત્રણવાર મળ્યો હતો.એમા સૌ પ્રથમ ‘દાગ’ ફિલ્મ માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં ત્યાર બાદ ૧૯૭૬માં તપસ્યા ફિલ્મમાં સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર અને ૧૯૮૧માં રામલખન ફિલ્મ માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં ફિલ્મ ફેયર પુરસ્કાર પ્રાપ્ત થયો છે.૨૦૦૩ માં પ્રદર્શિત ફિલ્મ ‘શુભ મુર્હૂત’ માટે રાખીને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રીના રૂપમાં રાષ્ટ્રીય પુરસ્કાર અને ફિલ્મી ક્ષેત્રે રાખીના મહત્વપુર્ણ યોગદાન જોઈને ભારત સરકારે ૨૦૦૩ના વર્ષમાં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરેલ છે.રાખીએ પોતાની ત્રણ દશક લાંબી ફિલ્મી કેરિયરમાં લગભગ ૯૦ જેટલબી ફિલ્મોમાં કામ કર્યું છે.રાખી હાલના દિવસોમાં નિવૃત જીવન પસાર કરી રહી છે.

**કમલેશ કંસારા**

## દિયા

અનુસંધાન ૫ નું ચાલુ

ત્યારે અમે પણ આ દિશામાં આગળ વધીને ફિલ્મ બનાવવા જઈ રહ્યા છીએ. રહેના હે તેરે દિલ મે, લગે રહો મુન્નાબાઈ અને હનિમુન ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ જેવી ફિલ્મોમાં કામ કરી ચુકેલી અભિનેત્રી હવે પતિ સાથે મળીને ફિલ્મ નિર્માણમાં કુદી ચુકી છે. ૩૫ વર્ષીય સ્ટાર અભિનત્રી ફિલ્મ નિર્માણમાં કુદી પડ્યા બાદ તે વિદ્યા બાલનને લઈને બોબી જાસુસ નામની ફિલ્મ બનાવી ચુકી છે. આનો બીજો ભાગ પણ બનાવવામાં આવનાર છે. દિયા મિર્જાએ પોતાની પ્રોડક્શન કંપની હેઠળ બનનાર ફિલ્મમાં કામ કરવાનો ઈન્કાર કરી રહી નથી. ફિલ્મમાં એક અભિનેત્રી તરીકે નિષ્ફળ રહ્યાબાદ તે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં કુદી ગઈ હતી. ત્રબોલિવુડમાં દરરોજ નવી સ્ટાર પ્રવેશી રહી છે. સાથે સાથે દરેક પ્રકારના રોલ પણ કરી રહી છે દિયા મિર્ઝા હાલમાં સંજય દત્તની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં રણબીર કપુરની મુખ્ય ભૂમિકા છે.

## સોનાક્ષી

અનુસંધાન ૫ નું ચાલુ

ફરહાન અક્ષરની ફિલ્મ લખનૌ સેન્ટ્રલ ફિલ્મ સાથે નિર્દેશનના ક્ષેત્રમાં એન્ટ્રી કરી ચુકેલા રણજીત તિવારી સ્નો નામની ફિલ્મ બનાવી રહ્યા છે. સોનાક્ષી સાથે વાતચીત થઈ ચુકી છે અને વાત આગળ વધી છે. તેમ નિખિલ અડવાણીએ કહ્યુ છે. આ ફિલ્મ રિયલ લાઈફના એક બનાવ પર આધારિત રહેશે. આ ફિલ્મમાં તે સેફ અલી ખાન સાથે નજરે પડનાર છે. સોનાક્ષીએ કહ્યુ છે કે તે નિખિલની ફિલ્મને લઈને ખુબ ખુશ છે. સેફ જેવા અનુભવી કલાકારથી પણ ખુબ શિખવા મળી શકે છે. ફિલ્મનુ શુટિંગ મનાલીમાં ઠંડીમાં કરવામાં આવનાર છે.

## સલમાન

અનુસંધાન ૫ નું ચાલુ

ફિલ્મના નિર્માતા દ્વારા હાલમાં ઓસ્ટ્રીયામાં શુટિંગ કરવામાં આવેલા કેટલાક સીનને લઈને વિડિયો જારી કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરના એક્શન સીનને પાર પાડવા માટે ફિલ્મમાં હોલિવુડના નિષ્ણાંતોને પણ આવરી લેવામાં આવ્યા છે. સલમાન ખાન કેટલાક વર્ષોથી બોલિવુડમાં પ્રભુત્વ ધરાવે છે. તેની છેલ્લી તમામ ફિલ્મો રેકોર્ડ સફળતા મેળવી રહી છે.

## રિશિ કપુર

અનુસંધાન ૫ નું ચાલુ

તે રિશિ કપુરના પુત્રના રોલમાં નજરે પડનાર છે. મોબાઈલની દુનિયામાં હાલમાં શુ ચાલી રહ્યુ છે તે બાબતને આ ફિલ્મ મારફતે રજૂ કરવામાં આવનાર છે. દરેક બાબત મોબાઈલ પર થઈ રહી છે. પિતાના અનેક સ્વરૂપમાં રિશિ કપુર નજરે પડનાર છે. તેમના મતભેદોને દુર કરવામાં દસ્તુરની ભૂમિકા જોવા મળનાર છે. તે ફિલ્મમાં બન્ને વચ્ચે વારંવાર આવીને મતભેદો દુર કરતી નજરે પડશે. અનિરુદ્ધ ફિલ્મને લઈને ભારે આશાવાદી છે. ફિલ્મનુ નામ રાજમા ચાવલ રાખવામાં આવ્યુ છે. ફિલ્મના નામથી જ જાણી શકાય છે કે આ ફિલ્મ કોમેડીની સાથે સાથે સામાજિક વિષય પર આધારિત ફિલ્મ છે. લીના યાદવ દ્વારા વધારે માહિતી હજુ સુધી આપવામાં આવી નથી. રિશિ કપુર બોલિવુડમાં સદાબહાર અભિનેતા તરીકે રહ્યો છે. તે તમામ મોટા સ્ટાર સાથે પોતાની કેરિયરમાં કામ કરી ચુક્યો છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**‘જન્મદિન મુબારક’ માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★‘રખેવાળ’ માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## મહેસાણા જિલ્લાની ૯૦ ટકા ગ્રામ પંચાયતો શૌચાલયથી વંચિત

મહેસાણા

સ્વચ્છ ભારત મિશન હેઠળ કેન્દ્રની ગ્રાન્ટનો ઉપયોગ વ્યસ્તગત શૌચાલયો બનાવવા માટે કરવામાં આવ્યો પરંતુ શૌચાલયો બનાવી આપતી પંચાયતો ખુદ શૌચાલયથી વિહોણી હોવાની હકીકત સામે આવી છે. મહેસાણા જિલ્લા પંચાયત હેઠળની ૫૯૩ ગ્રામ પંચાયતો પૈકી ૯૦ ટકા પાસે શૌચાલય નથી. જેથી વિવિધ કામે અહીં આવતા ગ્રામજનોને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. મહેસાણા જિલ્લાની ખુલ્લામાં શૌચથી મુક્ત કરી દેવામાં આવ્યો છે. પરંતુ હકીકત કંઈક અલગ જ છે. હાલમાં ગામડાઓમાં જાહેર સ્થળે શૌચાલયો નથી. પરંતુ જિલ્લા પંચાયત હેઠળની ગ્રામ પંચાયત પાસે પણ શૌચાલય નથી. મહેસાણા જિલ્લાની ૯૦ ટકાથી વધુ ગ્રામ પંચાયતો શૌચાલય વિહોણી છે. ત્યારે ગ્રામ પંચાયતમાં સરકારી કામે આવતા ગ્રામીણ પુરૂષો અને મહિલાઓ માટે શૌચાલય બનાવાયા જ નથી. ગ્રામ પંચાયતોને શૌચાલય માટે કોઈ ગ્રાન્ટની ફાળવણીની જોગવાઈ નથી. પરંતુ પંચાયત હેઠળની વિવિધ ગ્રાન્ટનો ઉપયોગ શૌચાલય બનાવવા માટે કરી શકાય છે. શૌચાલય જેવી પાયાની સુવિધા પંચાયત કચેરીમાં હોવી જોઈએ.

## સીધાડાના પાટીયા નજીક ટેન્કરની ટક્કરથી રાહદારીનું મોત

પાટણ

સાંતલપુર હાઈવે પર સીધાડાના પાટીયા પાસે એક ટેન્કર ચાલકે પોતાનું ટેન્કર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને એક રાહદારીને ટક્કર મારતાં તેનું મોત થયું હતું. આ બાબતે સાંતલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી. ફરિયાદી વાઘાભાઈ ભીલ અને સાહેદ સુનિલભાઈ પલાસણ ગામેથી નેળીયા ગામે જવા ૧૩ જેટલી ભેંસો લઈને નિકળ્યા હતા. ત્યારે રસ્તામાં પાછળથી આવેલ એક ટેન્કર ચાલકે સુનિલભાઈને ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું. બેફામ વાહન ચલાવનારા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવામાં આવી છે. નમિત્તે તેમની પ્રતીમાને ફુલહાર અર્પણ કર્યા હતા.

## ખેડબ્રહ્મા પોલીસે રૂ. ૨.૫૫ લાખનો વિદેશી દારૂ પકડ્યો

ખેડબ્રહ્મા

ડિસેમ્બરમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીને લઇ પોલીસે દારૂ જુગારની પ્રવૃત્તિ નેસ્તનાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરતા પી.એસ.આઈ. એ. વી. દેસાઈ પોલીસ સ્ટાફ સાથે જ્યોતિ હાઈસ્કૂલ પાસે નાકાબંધી કરી હતી. તે દરમિયાન બાતમીને આધારે (જી.જે-૦૨-સી.જી.૬૦૬૪) મારૂતિ ગાડીનો ચાલક લાલસિંહ ઉર્ફે લાલો ઉદેસિંહ રાજપૂત રાજસ્થાનવાળો તથા પ્રવિણકુમાર દ્વારકાભાઈ શંકરલાલ પટેલ ઊંઝા મહેસાણાવાળાઓને પકડી પાડી મારુતિ ગાડીમા વિદેશી દારૂ-બીયરની પેટીઓ રૂ. ૨,૫૫,૯૦૦ તથા ગાડીની રૂ. ૮૫,૦૦૦ તથા મોબાઈલ ૧ રૂ. ૧૦૦૦ એમ કુલ ૩,૪૧,૯૦૦નો મુદામાલ પકડી બંને શખસો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મોડાસાઃ ભાજપ કાર્યાલયમાં મુકાયેલા હાર્દિકના પોસ્ટર રાતોરાત ઉતરી ગયા

મોડાસા

મોડાસાના ભાજપ કાર્યાલય ખાતેપાટીદાર યુવાનોએ સરદાર વલ્લભભાઇના ફોટા સાથે પાસ કન્વીનર હાર્દિક પટેલના ફોટા પણ મુખ્ય ગેટ ઉપર લગાવી દીધા હતા. પટેલ બોડીંગ ખાલી કરાવવાના પ્રશ્ને પાટીદાર સમાજમાં પણ રીતસરના બે ફાંટા પડી ગયાં હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. જેમાં ભાજપ કાર્યાલય ખાતે મંગળવારની મોડી સાંજ સુધી હાર્દિક પટેલના ફોટા લગાડેલા દેખાઇ રહ્યા હતા. પરંતુ બુધવારની સવાર પડતાં જ હાર્દિક પટેલના ફોટા અચાનક ગાયબ થઇ જતાં શહેરના ભાજપના કાર્યકરો અને પાટીદાર સમાજમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ધાનેરા** | કપાસ | ૮૪૦-૯૩૭ |
| બાજરી | ૨૩૦-૨૭૫ | | **પાટણ** |
| જુવાર | ૩૨૦-૩૬૨ | જીરૂ | ૩૧૫૧-૩૩૦૦ |
| મગ | ૭૬૨-૧૧૬૧ | વરીયાળી | ૮૦૦-૧૧૪૧ |
| મઠ | ૫૯૦-૬૮૦ | મેથી | ૩૦૦-૪૫૦ |
| ચોળા | ૬૦૦-૭૭૬ | સુવા | ૬૦૦-૮૩૧ |
| ગવાર | ૬૦૫-૬૬૫ | રાયડો | ૬૦૦-૬૭૦ |
| બીજડા | ૧૧૫૯ | એરંડા | ૮૩૦-૮૬૮ |
| મગફળી | ૬૦૦-૮૧૫ | તલ | ૧૧૦૦-૧૪૩૫ |
| રાયડો | ૬૩૦-૬૭૪ | મગફળી | ૬૫૦-૭૪૫ |
| એરંડા | ૮૪૦-૮૫૨ | અજમો | ૪૨૫-૭૦૦ |
| તલ | ૧૨૨૬-૧૩૩૯ | ઘઉં | ૩૦૫-૩૬૮ |
| મેથી | ૫૧૫-૫૩૪ | બાજરી | ૧૭૫-૨૫૫ |
| સુવા | ૭૦૦-૮૦૬ | બંટી | ૩૦૦-૩૩૩ |
| વરીયાળી | ૮૦૧ | મગ | ૬૨૫-૯૭૬ |
| રાજગરો | ૭૭૦ | અડદ | ૬૫૦-૮૬૯ |
| રજકો | ૧૯૦૧ | ગવાર | ૬૦૦-૬૬૨ |
| અન્ય | ૭૫૫-૮૬૦ | | **થરા** |
| | **સિદ્ધપુર** | જીરૂ | ૨૯૦૦-૩૫૦૦ |
| રાયડો | ૬૨૭-૬૬૦ | એરંડા | ૮૫૦-૮૬૦ |
| એરંડા | ૮૨૦-૮૬૩ | રાયડો | ૬૫૫-૬૬૫ |
| મગ | ૬૮૦-૯૫૦ | ગવાર | ૬૪૦-૬૫૮ |
| અડદ | ૬૦૦-૮૨૯ | ઘઉં | ૩૦૬-૩૨૦.૩ |
| ચોળા | ૩૨૫-૪૦૦ | બાજરી | ૨૩૫-૨૬૧ |
| ઘઉં | ૩૧૮-૪૨૦ | અડદ | ૬૫૧-૭૩૯ |
| બાજરી | ૧૮૦-૩૧૦ | મગ | ૬૭૦-૧૦૭૦ |
| જવ | ૨૯૧-૩૫૦ | મેથી | ૪૨૫-૪૬૦ |

## આપનો મત કેવી રીતે આપશો ? તે અંગે ગામે ગામ મતદાર જાગૃતિ રથ પરીભ્રમણ કરશે




હિંમતનગર

હિંમતનગર તાલુકાના ૨૦૦થી વધુ ગામો તથા સ્થળે VVPAT નાઉપયોગના માર્ગદર્શન અંગે નિદર્શન યોજાશે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ દરમિયાન પ્રથમ વખત તમામ મતદાન મથકો પર VVPAT નો ઉપયોગ થનાર હોઇ, મતદારોને ફફૅછ્ ના ઉપયોગ અંગેની પુરતી જાણકારી મળી રહે તે માટે ભારતના ચૂંટણીપંચ તરફથી મળેલ સૂચના પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મતદારોને VVPAT ના ઉપયોગ અંગે પ્રાથમિક માહીતી મેળવી રહે તે માટે રથનું પરીભ્રમણ કરવામાં આવશે જેમાં તાલુકાના ૨૦૦થી ગામો તથા શહેરી વિસ્તારને આવરી લેવામાં આવશે. જેમાં આપનો મત કેવી રીતે આપશો તે અંગે વીજાણુ મતદાન યંત્ર તથા VVPAT અંગેની જાણકારી માટે તા.૧/૧૧/ ૨૦૧૭ થી તા.૨૩/૧૧/૨૦૧૭ સુધી ચૂંટણી રથ પરીભ્રમણ પરીભ્રમણનું કરશે. જેનો જિલ્લાના મતદારોને બહોળી સંખ્યામાં લાભ લે તે માટે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે ચૂંટણી રથને હિંમતનગર ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું.

## જિલ્લા ન્યાયાધીશ સહિત કાયદા નિષ્ણાતો સાથે વીવીપીએટનું નિદર્શન કરાયું

### વીવીપીએટી માટે લોકોમાં જાગૃતિ અને માર્ગદર્શન થકી ઉત્સાહ જિલ્લા કલેકટર એચ.કે.પટેલ



મહેસાણા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વીવીપીએટીથી કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લા ન્યાયલયમાં જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જિલ્લા ન્યાયાધીશ,ન્યાયધીશો સહિત વકીલોની હાજરીમાં ઈવીએમ-વીવીપીએટીનું નિદર્શન કરી વીવીપેટ મશીન અંગે સમજૂતી આપવામાં આવી હતી જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે.પટેલે વીવીપીએટીનું માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું

કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ની ચૂંટણીમાં વીવીપેએટીનો ઉપયોગ થનાર છે. મતદારોમાં વીવીપેએટી વિશે જાગૃતિ અને સમજ જરૂરી છે. વોટર વરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઇલ એ વિજાણું મતદાન યંત્ર સાથે જોડાયેલી એક સ્વતંત્ર પ્રધ્ધતિ છે.મતદારોને તેમના મતની ખરાઇ કરવા દે છે. વીવીપીએટીના પ્રિન્ટર ઉપર ઉમેદવારોના ક્રમ નંબર,નામ,પ્રતિક ધરાવતી એક સ્લીપ મુદ્રીત થાય છે. જે પારદર્શક બારીમાં સાત સેકન્ડ સુધી ખુલ્લી રહે છે.આ સ્લીપ આપમેળે કપાઇ જઇ વીવીપીએટીના સીલ કરેલ ડ્રોપ બોક્સમાં પડે છે. વીવીપીએટી એક પ્રિન્ટર અને વીવીપીએટી સીસ્ટમ સ્ટેટસ ડિસ્પલે યુનિટ હોય છે. વીવીપીએટી ૧૫ વોલ્ટના પાવર બેક પર ચાલે છે. પ્રમુખ મતદાન અધિકારી પાસે અને મતદાન એકમ તથા પ્રિન્ટર મતકુટિરમાં રાખવામાં આવે છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એચ.કે.પટેલે જણાવ્યું હતું કે આ વખતે સૌ પ્રથમ વીવીપેટનો ઉપયોગ કરનાર હોવાથી મતદાન કુટીરની લંબાઇ ૩૦ ઈંચ રાખવામાં આવનાર છે. વીવીપીએટી મશીનને હેક કરી શકાતું નથી કારણ કે તે કોઇ નેટ જોડાણ કે વાઇ-ફાઇ સાથે સીધું સંકળાયેલ હોતું નથી.

જિલ્લા અદાલતના ન્યાયમુર્તિશ્રી દિવ્યેશ જોષી સહિત જિલ્લા કોર્ટના સર્વે ન્યાયધીશો અને વકીલોએ વીવીપીટ નિદર્શનની ભૌતિક અને યાંત્રિક જાણકારી સહિતની માહિતી મેળવી હતી. આ ઉપરાંત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને વિવિધ પ્રશ્નોત્તરી દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા યોજાયેલ વીવીપેએટી નિદર્શનમાં જિલ્લા ન્યાયાધીશ, જિલ્લાના ન્યાયધીશો, વકીલો, કાયદા નિષ્ણાતો વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## પાટણઃ સોઢવના સરપંચ પદે દીવાબેન દેસાઈ ૪૮ મતે વિજેતા બન્યા

હારીજ

સોઢવ ગ્રામ પંચાયતની રવિવારના રોજ યોજાયેલી ચૂંટણીની મતગણતરી મામલતદાર કચેરી ખાતે યોજાઈ હતી. વોર્ડ નંબર ૧ના ઉમેદવારો અને સરપંચના બન્ને ઉમેદવારોની મતગણતરી બાદ જીલ્લા પંચાયતના પુર્વ સદસ્ય કાન્તીભાઈ દેસાઈના પત્ની દીવાબેન દેસાઈ ૪૮ મતે સરપંચ પદે વિજેતા થયાં હતા. પૂર્વ એપીએમસીના ચેરમેન કાનજીભાઇ દેસાઈના પક્ષે હારનો સામનો કરવો પડ્યો હતો. અત્રે ગ્રામ પંચાયતી ચૂંટણીની મત ગણતરી સવારે ૯ કલાકે શરુ થઈ હતી. સોઢવ ગામના ઉમેદવારોના ટેકેદારો સવારથી જ મામલતદાર કચેરી ખાતે ઉમટયા હતાં.

સૌ પ્રથમ વોર્ડ ૧ ની મતગણતરી શરુ થઈ હતી. જેમાં વોર્ડમાં વરવાજી નાનજીજી ઠાકોર ૨૦ મતની સરસાઈથી વિજેતા થયાં હતાં. જ્યારે સરપંચની મત ગણતરીમાં પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય કાન્તીભાઈ દેસાઈનાં પત્ની દીવાબેન દેસાઈ ૪૮ મતો થી વિજેતા જાહેર થયાં હતાં.તેમનાં હરીફ ઉમેદવાર અમથીબેન ઈશ્વરભાઇ દેસાઈને ૫૯૩ મત મળ્યા હતાં. જ્યારે દિવાબેન દેસાઈને ૬૪૧ મત મળ્યા હતાં. જ્યારે નોટામાં ૨૭ મત પડયા હતાં. વિજેતા ઉમેદવારના ટેકેદારોએ ગુલાલ ઉડાડી ખુશી વ્યકત કરી ઝૂમી ઉઠ્યા હતાં.

## પાટણ જીલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલની કામગીરી

પાટણ

પાટણ જીલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી ,૨૦૧૭ જાહેર થયા બાદ અમલમાં આવેલ આદર્શ આચારસહિતાને ધ્યાને લેતા જીલ્લાની વિવિધ ટીમો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે . પાટણ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ભીંત લખાણ -૮૯ પોસ્ટર -૯૨ ,બેનર -૩૨ ,અન્ય ૨ મળી કૂલ -૨૧૫ આચાર સહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .જયારે ખાનગી મિલકતો પરથી ભીંત લખાણ -૨૬ ,પોસ્ટર -૨૨ ,બેનર -૧૧ ,અન્ય -૦ મળી કૂલ ૫૯ આચારસંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે . આ ચૂંટણીઓની જાહેરાત થયા તારીખથી આજ સુધી કૂલ ભીંત લખાણ -૨૧૮૯ ,પોસ્ટર-૭૦૭,બેનર -૧૫૪ અન્ય-૨૨ મળી કૂલ -૭૯૮ આચારસંહિતા ભંગને લગતી બાબતો જાહેર મિલકત પરથી દૂર કરવામાં આવેલ છે .જયારે ખાનગી મિલકતો પરથી ભીંત લખાણ -૪૩૮ ,પોસ્ટર -૧૮૪ ,બેનર -૧૫૪ ,અન્ય -૨૨ મળી કૂલ ૭૯૮ આચારસંહિતા ભંગને લગતી બાબતો દૂર કરવામાં આવેલ છે .કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જીલ્લા પોલીસ વિભાગ દ્વારા આજ સુધી કૂલ ૭૩૧ લાઈસન્સ વાળા હથિયાર જમા કરવામાં આવ્યા છે ,અને પાટણ જીલ્લામાં કૂલ ૭ નાકા કાર્યાન્વિત કરાયા છે .ઉપરાંત જીલ્લા માહિતી કચેરી પાટણ ખાતે મીડિયાસેન્ટર ઉભો કરાયો છે તેમજ ઈવીએમ તથા વીવીપીએટીનું નિદર્શન તેમજ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાયું હોવાનું જીલ્લા ચૂંટણીઅધિકારીની યાદીમાં જણાવાયું છે

## રાધનપુર શહેરમાં ભૂગર્ભ ગટરની આડેધડ કામગીરીથી નગરજનો ત્રાહિમામ

### ઠેર-ઠેર પાઈપલાઈનો તોડી નાખતા ગંદા પાણી જાહેરમાર્ગ ઉપર આવે છે




રાધનપુર

રાધનપુર શહેરમાં ચાર વર્ષ પહેલા કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટરનું કામ શરુ થયું ત્યારે ૧૮ મહિનામાં શહેરના લોકોને ભૂગર્ભ ગટરનો લાભ મળશે અને જાહેરમાર્ગો ઉપર કે શેરીઓમાં ગંદા પાણીથી છુટકારો મળશે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી, પરંતુ આજે ૧૮ મહિનાની જગ્યાએ ૪૮ મહિના વીતી જવા છતાંય ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરો દ્વારા સાવ ગોકળ ગતિએ કામગીરી ચાલી રહી હોઈ લોકોને આ કરોડો રૂપિયા ખર્ચવા છતાંય આ સગવડ ક્યારે મળશે તે કઈ જ નક્કી નથી. સગવડ તો મળવી હશે ત્યારે મળશે પરંતુ ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરો દ્વારા આડેધડ કામગીરીને કારણે શહેરમાં ઠેર-ઠેર પાણીની તેમજ ગટરની પાઈપલાઇનો તોડી નાખવામાં આવી હોવાથી આજે ૮ થી ૧૦ જગ્યાએ ગટરના ગંદા પાણી જાહેરમાર્ગો ઉપર આવતા હોવાથી લોકો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી લાલબાગ જેવા પૉશ વિસ્તારના નાકા ઉપર જ ભૂગર્ભ ગટરની કામગીરી દરમ્યાન પાલિકાની ગટરની પાઈપલાઈન તૂટી ગયી હોવાથી ગટરના ગંદા પાણી લાલબાગના નાકા ઉપર તો ભરાય જ છે,પરંતુ આ પાણી ગૌરવપથ ઉપર જાહેરમાં ફેલાતા હોવાથી ૧૦ થી ૧૫ દુકાનદારો અને રાહદારીઓને હાલાકીનો ભોગ બનવું પડી રહ્યું છે,એમાંય દુકાનદારોને તો ધંધો જ કેવી રીતે કરવો એ પ્રશ્ન થઇ પડે છે.

આ બાબતે ધારાસભ્યથી માંડીને પાલિકા પ્રમુખ, પાલિકાના ચીફઓફીસર સહીત તમામ લગતા-વળગતાને જાણ કરવા છતાંય કઈ જ પગલાં લેવામાં આવ્યા નથી.ધારાસભ્યને ફોન ઉપર આ બાબતે જાણ કરતા તેમને એવો જવાબ આપ્યો હતો કે હું હાલ બહાર છું,આવું ત્યારે જોઈ લઈએ.પાલિકા દ્વારા ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરતા કોઈ જ સંતોષકારક જવાબ મળતો ન હોવાથી ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટર ઉપર પણ કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર ઉઠવા પામ્યો છે.

### ભૂગર્ભ ગટરવાળાની મનસ્વી કામગીરી

**પાલિકાના ઉપપ્રમુખ અરવિંદભાઈ તન્નાના જણાવ્યા મુજબ ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટર મનસ્વી રીતે કામગીરી કરે છે, કોઈની સુચનાને ગણકારતા નથી, પાણી પુરવઠા બોર્ડના અંતર્ગત ભૂગર્ભ ગટરની કામગીરી ચાલતી હોઈ પાણીપુરવઠા બોર્ડના અધિકારીઓને પાલિકા દ્વારા રજુઆત કરવામાં આવી તો ત્યાંથી પણ એવો જવાબ મળ્યો કે કોન્ટ્રાક્ટર અમારું જ કહેવું માનતા નથી.**

### વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે

**વેપારી એસોસિયેશનના પ્રમુખ મહેશભાઈ અદાના જણાવ્યા મુજબ છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી આ સમસ્યા છે,લાગતા- વળગતા તમામ સ્તરે રજુઆત કરી છે,પણ કોઈ સાંભળતું નથી,ગટરના ગંદા પાણી દુકાનો આગળ ભરાતા હોવાથી ધંધાને સીધી અસર પડે છે,ધારાસભ્યને ફોન દ્વારા જાણ કરતા તેઓ પોતે બહાર છે તેમ કહીને હું આવું ત્યારે જોઈ લઈશું તેવો જવાબ મળ્યો હતો,પાલિકાના તમામ સત્તાધીશોને રજુઆત કરી છે,પરંતુ કાર્યવાહી થતી નથી.**

### ભૂગર્ભ ગટરની કામગીરી દરમ્યાન લાઈનો તૂટી છે

**પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રશાંત સોનીના જણાવ્યા મુજબ શહેરમાં ૮ થી ૧૦ જગ્યાએ ભૂગર્ભ ગટરની કામગીરી દરમ્યાન લાઈનો તૂટી છે,કોન્ટ્રાક્ટરને જાણ કરવામાં આવી છે,પરંતુ રીપેરીંગ કરવામાં આવતું નથી,આ જવાબદારી ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટરની છે. જો તે નહિ કરે તો પાલિકા આ અંગે આગળની કાર્યવાહી કરશે.**

## ઊંઝાના ઐઠોર ગામે ઓટલા બનાવવા મુદ્દે જૂથ અથડામણ

મહેસાણા

ઊંઝાના ઐઠોરમાં ઓટલા બનાવવાના મુદ્દે એક જ કોમાના બે જૂથ વચ્ચે થયેલી અથડામણમા ૪ વ્યક્તિઓને ઈજા થઇ હતી. ઉનાવા પોલીસ સ્ટેશનમાં કુલ ૮ વ્યક્તિઓ વિરુધ્ધ ગુનો નોંધાવ્યો હતો. ઐઠોરમાં રહેતા શોભનાબેન ઈશ્વરભાઇ દેવીપૂજક તેમના ઘરે હાજર હતા. તે સમયે ગંગારામભાઇ સહિતે આવીને કહેલ કે અમારી જમીનમા કેમ ઓટલા બનાવ્યા છે. તેમ કહીને બોલાચાલી કરી હતી. જેમાં મહિલાએ ઓટલા અમારી જમીનમા બનાવ્યા છે. તેમ કહેતા જ તમામે ધારીયા, લાડકી, ધોકા વડે હુમલો કરતા બન્ને પક્ષો આમને સામને આવી ગયા હતા.

હુમલામાં ૪ વ્યક્તિઓને ઈજા થતા સારવાર માટે ખસેડ્યા હતા. આ અંગે શોભનાબેને ઉનાવા પોલીસ સ્ટેશનમાં ગંગારામ જુહાભાઇ દેવીપૂજકક, શૈલેષ જુહાભાઇ, હરગોવન ગંગારામભાઇ, જુહાભાઇ ગણેશભાઇ સામે ગુનો નોધાવ્યો હતો. જ્યારે સામેપક્ષે ગંગારામભાઇએ પોલીસ સ્ટેશનમાં ઈશ્વરજી બાબુભાઇ દેવીપૂજક, જુહા ભાઇ બાબુભાઇ, રમેશ ભાઇ સોમાભાઇ અને બાબુભાઇ સોમાભાઇ સામે ગુનો નોધાવતા પીએસઆઇ જે.જી. સોલંકીએ તપાસ હાથ ધરી છે.

## વડાલી તા.પંચાયતમાં મનરેગાના એ.પી.ઓ. દ્વારા મજુરો સાથે અભદ્ર વર્તન

પ્રતિ વડાલી

વડાલી તાલુકાના મનરેગાના એ.પી.ઓ. પટેલ દિપકભાઈ દ્વારા ખરાબ વર્તન કરવામાં આવતુ હોવાની મજુરોમાં બુમરાડ ઉઠવા પામી છે. મનરેગામાં ગરીબ મજુરો દ્વારા કાળી મજુરી કરવામાં આવે છે. મજુરોના મસ્ટરો સાથે ચેડા કરવામાં આવે છે. હાજરી પણ પુરી ભરવામાં આવતી નથી. વડાલી તાલુકાના હાથરવા, માલપુર, વાસણ જેવા ગામના ગરીબોનું પેમેન્ટ (મજુરી) ૨૦૧૬/૧૭ માં જમીન લેવલીંગ તથા તળાવોમાં કરવામાં આવેલી મજુરીના પૈસા આજદિન સુધી મજુરોના ખાતામાં જમા થયેલ નથી. મજુરો તાલુકા પંચાયતના એ.પી.ઓ પાસ ધરમધક્કા ખાઈ થાકી ગયા છે. એ.પી.ઓ. કહે છે. પેમેન્ટ થઈ ગયુ છે. બેંકમાં જાવ બેંકમાં પાસબુક લઈ જાય છે. તો બેંકના કર્મચારીઓ કહે છે. પેમેન્ટ થયું નથી. એ.પી.ઓ. કહે છે અમારી કોઈ જવાબદારી નથી. તમારે જે કરવું હોય તે કરી લો તેઓ આજે હાથ અધ્ધર કરી દીધા છે.

આવા જ એક ગરીબ મજુરી કરી બાળ બચ્ચાને ઉછેર કરતા પરમાર સરોજબેન ૭૦ દિવસ સુધી મજુરી કરી રૂા. ૮૦૬૩ આજદિન સુધી મળેલ નથી. એ.પી.ઓ દ્વારા કહેવામાં આવે છે તમારા ખાતામાં નાખી દીધેલ છે. તપાસ કરો. મહિલા થાકી ગઈ છે. જાય તો ક્યાં જાય? સરકાર દ્વારા મજુરી તો આપવામાં આવે છે. પૈસા પણ આપવામાં આવે છે. તો આ પૈસા ક્યા જાય છે? તેનો જવાબ અધિકારી પાસે નથી. તાલુકામાં ઘણી મહિલા મજુરી કરી બાળ બચ્ચાનું ગુજરાન ચલાવે છે. તેમની શું હાલત થતી હશે, રોજ ભાડુ બગાડી તાલુકા પંચાયતના ધરમ ધક્કા ખાઈ ખાઈ હેરાન પરેશાન થઈ ગઈ છે. મહિલાઓ ત્રાસી ઉઠી છે. વડાલી તાલુકાના મનરેગાના એ.પી.ઓ ઓફિસમાં સ્ટાફ એકઠો કરી મોબાઈલમાં ચાર પત્તી, તીન પત્તીની ગેમો રમતા રહે છે. તાલુકા પંચાયતમાં મનરેગાની ઓફિસ જાણે રમતની ઓફિસ હોય તેવું લાગે છે. કોઈ મજુર સાથે વાત કરવાનો સમય હોતો નથી. કોઈ જાતનું ઓફિસ કામ કરતા નથી અને કરવા પણ દેતા નથી. આ ઓફિસરની સામે ટીડીઓ દ્વારા ક્યારે લાલ આંખ કરવામાં આવશે? તે જોવાનું રહ્યું.